પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૮૮, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૫-૦૪-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 188 PRICE :-RS. 1.50 DATE : 05-04-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### નક્સલીઓએ ૭૦૦ જવાનોને ૩ દિશાથી ઘેરી કર્યું ફાયરીંગ, લૂંટ્યા ૨ ડઝન સુરક્ષાકર્મીઓના હથિયાર

# છત્તીસગઢમાં નક્સલી હુમલો, ૨૪ જવાન શહીદ

ન્યુ દિલ્હી,

શનિવારે બસ્તરના બીજાપુરમાં નક્સલીઓએ ૭૦૦ સૈનિકોને ઘેરી લીધા હતા અને તેમના પર હુમલો કર્યો હતો. બીજાપુર એસપીએ જણાવ્યું કે આ હુમલામાં ૨૨ જવાનો શહીદ થયા છે. જો કે, આ સંખ્યા ૨૪ હોવાની આશંકા છે.ગ્રાઉન્ડ ઝીરોનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં ૨૦ જવાનોના મૃતદેહ હજી ઘટનાસ્થળે જ જોવા મળી રહ્યા છે. અહીં રેસ્ક્યૂ ટીમ પણ હજી સુધી પહોંચી શકી નથી.

બીજાપુરના એસપીએ જણાવ્યું કે, નક્સલીઓ સાથે થયેલી આ અથડામણમાં ૨૨ જવાન શહીદ થયા છે અને અનેક જવાન લાપતા છે. નક્સલીઓએ બે ડઝન કરતા પણ વધારે સુરક્ષાકર્મીઓ પાસેથી તેમના હથિયારો છીનવી લીધા છે.

શનિવારે થયેલ આ અથડામણમાં પહેલા માત્ર ૫ સૈનિકો શહિદ થયાના સમાચાર મળ્યાં હતાં. એવું કહેવામાં આવ્યું હતું કે નક્સલવાદીઓ સાથેની અથડામણમાં ૫ સૈનિકો શહિદ થયા હતા, જ્યારે ૨૧ લાપતા થયા હતા. પરંતુ આજે બપોરે સૈનિકોના મૃતદેહ સામે આવતા આંકડો વધી ગયો છે. હાલમાં ગુમ થયેલ સૈનિકોની શોધમાં આજે સવારથી સર્ચ ઓપરેશન તીવ્ર કરવામાં આવ્યું છે.



આજે સામે આવેલા દ્રશ્યો વિચલિત કરે તેવા છે. એક રિપોર્ટ પ્રમાણે, નક્સલવાદીઓ ગામમાં હાજર હતા અને એક મહુઆના ઝાડ પાસે ૬ સૈનિકોની લાશ પડી હતી. તે જ સમયે ૩ જવાનનાં મૃતદેહ પણ એક અંતરે પડેલા હતા અને નજીકના મકાન પાસે એક જવાનનો મૃતદેહ પડ્યો હતો. ગામ લોકોએ જણાવ્યું કે, આગળ અને જંગલમાં ૧૦ જેટલા સૈનિકોની લાશ પડી છે. આપને જણાવી દઈએ કે સુરક્ષા દળો સાથે નક્સલવાદીઓની પહેલી અથડામણ ગામની નજીકની ટેકરીમાં થઈ હતી. ઈજાગ્રસ્ત સૈનિકોને લઈ જતી ટીમ પર બીજી વાર નક્સલીઓએ હુમલો કર્યો હતો જેના જવાબમાં સૈનિકોએ પણ ગોળીબાર કર્યો હતો.

સુરક્ષા દળોને જોનાગુડાની પહાડીઓ પર નક્સલીઓએ ડેરો જમાવ્યો હોવાની સૂચના મળી હતી. ત્યાર બાદ શુક્રવારે રાતે બીજાપુર અને સુકમા જિલ્લાના કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળની કોબરા બટાલિયન, ડીઆરજી અને એસટીએફના સંયુક્ત દળના નક્સલ વિરોધી અભિયાન અંતર્ગત ૨,૦૦૦ જવાનોને રવાના કરવામાં આવ્યા હતા. પરંતુ શનિવારે નક્સલીઓએ તર્રેમ વિસ્તારની જોનાગુડા પહાડી પાસે ૭૦૦ જવાનોને ઘેરીને તેમના પર હુમલો કરી દીધો હતો. નક્સલીઓ જવાનોને ૩ દિશાથી ઘેરીને તેમના પર ફાયરિંગ કરવા લાગ્યા હતા. આશરે ૩ કલાક ચાલેલી અથડામણમાં ૧૫ નક્સલી ઠાર મરાયા હતા. આ હુમલામાં ૨૨ જવાન શહીદ થયા છે અને ૩૧ કરતા પણ વધારે ઘાયલ જવાનોની સારવાર ચાલી રહી છે.

## કોરોના કહેર : ગુજરાતમાં બાળકોનું કોરોનાગ્રસ્ત થવું ચિંતાજનક?

ગાંધીનગર,

કોરોના વાઈરસની બીજી લેહર ચાલી રહી છે ત્યારે બાળકો પર તેની સૌથી વધુ અસર થઈ છે. ગુજરાતમાં કોરોસના વાઈરસના કેસ વધી રહ્યાં છે ત્યારે બાળકો પણ સંક્રમિત થઈ રહ્યાં છે. તેનો સૌથી મોટો દાખલો વડોદરા છે, જ્યાં સયાજી હૉસ્પિટલમાં દરરોજ ૫ - ૬ બાળકોને કોરોના પૉઝિટિવ હોવાનું હૉસ્પિટલના તબીબનું કહેવું છે.

સયાજી હૉસ્પિટલનાં પીડિયાટ્રિક વિભાગનાં વડાં ડૉ. શીલા ઐય્યરની બીબીસીએ લીધેલી મુલાકાતમાં જણાવ્યું કે, ''બાળકોમાં કોરોના વાઈરસના કેસોનું પ્રમાણ વધી રહ્યું છે અને છેલ્લાં એક અઠવાડિયાથી દરરોજ ૫-૬ કેસ સામે આવી રહ્યાં છે, જેમાં બાળકોને કોરોના વાઈરસનો ચેપ લાગ્યો હોય.''

તેઓ વધુમાં જણાવે છે કે વડોદરામાં દરરોજ ૩૦૦થી વધુ પુખ્તવયનાં લોકો કોરોના પૉઝિટિવ આવી રહ્યાં છે ત્યારે ૫-૬ બાળકો જો પૉઝિટિવ મળી આવે તો પરિસ્થિતિને ગંભીર ગણી શકાય નહીં. બાળકોમાં કેસ વધવા પાછળ જે કારણો છે તેમાં ઘરનાં સભ્યો સંક્રમિત થયાં હોય અને બાળકો વધુ ઘરની બહાર જઈ રહ્યાં હોય એ બાબતો સામેલ છે.

દરમિયાન બીબીસીના સહયોગી ભાર્ગવ પરીખ સાથેની વાતચીતમાં ગુજરાતના નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલે જણાવ્યું કે તેમને માહિતી મળી છે કે વડોદરામાં બાળકોમાં કોરોના વાઈરસના કેસ વધી રહ્યાં છે અને તે વિશે વધુ તેઓ શનિવારે વડોદરા જઈ રહ્યા છે, ત્યારે આ મામલે અધિકારીઓ સાથે મિટીંગ કરશે.

જોકે, અત્રે નોંધવા જેવી બાબત એ છે કે બેંગ્લુરુમાં પણ ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં કોરોના વાઈરસના કેસમાં વધારો જોવા મળ્યો છે.

ધ ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના અહેવાલ અનુસાર ૧ માર્ચથી ૨૮ માર્ચ દરમિયાન ૧૦ વર્ષથી ઓછી ઉંમરના ૪૭૨ બાળકો કોરોના પૉઝિટિવ મળી આવ્યાં હતા. જે ૪૭૨ બાળકો કોરોના પૉઝિટિવ મળી આવ્યાં છે તેમાં ૨૪૪ છોકરા છે અને ૨૨૮ છોકરીઓ છે.

નિષ્ણાતોને ટાંકતાં અહેવાલ લખે છે કે કોરોના વાઈરસની બીજી લેહર ચાલી રહી છે ત્યારે બાળકો પર તેની સૌથી વધુ અસર થઈ છે. ગયા વર્ષે બાળકો મોટાભાગનો સમય ઘરની અંદર જ હતા પરતું હાલમાં તેઓ પરિવાર સાથે બહાર જઈ રહ્યાં હોવાથી તેમને ચેપ લાગવાનો જોખમ વધી ગયું છે.

કર્નાટક ટેકનિકલ ઍડવાઈઝરી કમિટીના સભ્ય અનુસાર લૉકડાઉન વખતે બાળકો ઘરની અંદર હતા. હવે તેઓ બગીચામાં જઈ રહ્યાં છે અથવા પોતાના ઍપાર્ટમેન્ટના કોમન એરિયામાં રમી રહ્યાં છે. સભ્ય અનુસાર બાળકો કોરોના કેરિયર બની શકે છે. નિષ્ણાતો અનુસાર બાળકોને માસ્ક પહેરાવવો અને તેમની પાસે સોશિયલ ડિસ્ટેન્સિંગનું અનુસરણ કરાવવો એ સૌથી મુશ્કેલ કામ છે.

## વડોદરામાં અવળીગંગા, રસીકરણ અચાનક જ બંધ કરી દેવામાં આવ્યું

વડોદરા,



વડોદરામાં કોરોનાનો કાળો કહેર યર્થાવત છે છતાં સૌકોઈના આશ્ચર્ય વચ્ચે આજે રવિવારે વેક્સિનેશન બંધ રાખવામાં આવ્યું છે. વેક્સિનેશન સેન્ટર વધારવાની સરકારની જાહેરાતો પણ જથ્થો ન મળતાં રસી ખૂટી પડતા આજે વેક્સીનેશન બંધ રાખવામાં આવતા હજી કોરોના સ્થિતિ વકરે તેવી શક્યતા છે.

શનિવારે જ શહેરમાં કોરોનાની રસીનો જથ્થો ખૂટી પડતા રવિવારે તમામ સેન્ટરો પર વેક્સિનેશન બંધ રાખવાની ફરજ પડી હતી. આજે સાંજ સુધીમાં વેક્સિનનો નવો જથ્થો આવવાની શક્યતા છે. જેથી સોમવારથી રાબેતા મુજબ રસીકરણ શરૂ થઈ શકશે.

ગુજરાતમાં કોરોના વાયરસના કેસ દિવસેને દિવસે વધી રહ્યાં છે. તેમાં પણ કોરોના વાયરસે સંસ્કાર નગરી વડોદરાને બરાબરની ઝપટે લીધી છે. અહીં કોરોનાના કારણે મૃતાંક વધતા સ્મશાનગૃહોમાં પણ વેઈટિંગ બોલાઈ રહ્યું છે. આ ગંભીર સ્થિતિ વચ્ચે મુખ્યમંત્રી દ્વારા રસીકરણ વધારવાની જાહેરાત બાદ બે દિવસમાં જ ફિયાસ્કો થઈ ગયો છે.

રસીકરણની ઝડપ વધારવાના બદલે વધતાં સંક્રમણ વચ્ચે જ વડોદરામાં રસીકરણ બંધ કરવામાં આવ્યું છે. રૂપાણી સરકાર દ્વારા ઓલ ડે એટલે કે અઠવાડીયાના સાતેય દિવસ રસીકરણની જાહેરાત છતાં રસી ખુટી પડતા શહેરમાં આજે ૨૪ કલાક માટે રસીકરણ બંધ કરવામાં આવ્યું છે. હવે આજે સાંજે રસી આવી પહોંચશે જેથી આવતી કાલે સોમવારથી રાબેતા મુજબ રસીકરણ શરૂ થવાની શક્યતા છે. વડોદરા શહેરમાં કોવિશિલ્ડ રસીનો જથ્થો પૂણેથી આવે છે.

## ગુજરાત રસીકરણમાં બીજા સ્થાને, રસીકરણ એ રામબાણ ઈલાજ

ગાંધીનગર,

દેશમાં કોરોનાનો બીજો વોર શરૂ થઈ ગયો છે. જે પહેલા કરતા પણ વધુ ધાતકી સાબિત થયો છે. ત્યારે રામબાણ ઈલાજ માત્ર માસ્ક અને રસીકરણ છે. ત્યારે કોરોનાની મહામારીથી બચાવા માટે સરકાર દ્વારા રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. કોરોના વાયરસથી બચવા માટે રાજ્યમાં રસીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. એક બાજુ કુદકેને ભુસકે કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે સરકાર કોરોનાનું સક્રમણ રોકવા માટે યથાગ પ્રયત્નો કરી રહ્યું છે. એક બાદ એક તબક્કાવાર લોકોને રસી આપવામાં આવી રહી છે. સમગ્ર ભારતમાં રસીકરણ અભિયાન ચલાવાવામાં આવી રહ્યું છે. ત્યારે ગુજરાત રસીકરણમાં બીજા સ્થાને છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૬.૮૨ લાખ લોકોએ રસી લઈ લીધી છે. રસીકરણમાં પહેલા સ્થાનને મહારાષ્ટ્ર છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૭.૨૬ લાખ લોકોએ રસી લઈ લીધી છે. ગુજરાતમાં રસીકરણમાં બીજો ક્રમ પ્રાપ્ત કરતા વહીવટીતંત્રને બિરદાવવામાં આવ્યાં. શહેરી વિસ્તાર સિવાય અન્ય જિલ્લામાં ગ્રામ્ય સ્તરે રસીકરણનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. જેથી લઈને કોરોનાનું સંક્રમણ અટકાવી શકાય. રાજ્યમાં કોરોનાના કેસમાં અચાનક વધારો થતા હવે રાજ્ય સરકાર દ્વારા દરરોજ રસીકરણ કેન્દ્રો ખુલ્લા રાખવામાં આવ્યાં છે. રજાના દિવસે પણ રસીકરણ આપવામાં આવે છે. જેને લઈને કોરોના સામેની જંગ જીતી શકાય.

## મહારાષ્ટ્ર સરકારે આદિવાસીઓની સહાય માટે ૨૩૧ કરોડની સહાય મંજૂર કરી

મુંબઈ,

મહારાષ્ટ્ર સરકારે પોતાની ખાવટી અનુદાન યોજના અંતર્ગત રાજયના આદિવાસી પરીવાર માટે ૨૩૧ કરોડ રૂપિયાની સહાય નિશ્ચિત કરી હતી. આદિવાસી વિકાસ વિભાગે ૨૬ માર્ચે આ અંગે એક સરકારી પ્રસ્તાવ પસાર કર્યો હતો. જે અનુસાર કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીને કારણે ઉત્પન્ન થયેલી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને રાજય મંત્રીમંડળે ગત વર્ષે અનુસૂચિત જનજાતી (એસટી) શ્રેણીના પરીવારોને ૪,૦૦૦ રૂપિયાની સહાય આપવાનું નક્કી કર્યું હતું.

આદિવાસી કલ્યાણ પર સરકાર સમિતિનું નેતૃત્વ કરનાર પૂર્વ ધારાસભ્ય વિવેક પંડિતે શનિવારે આ પત્રકારોને જણાવ્યું હતું કે તેમને આશા છે કે યોગ્ય લાભાર્થીઓ સુધી લાભ પહોંચશે. ૨૬ માર્ચે સરકારે બેંક ખાતામાં પૈસા આપવાનું નક્કી કર્યું હતું. પહેલા તબક્કામાં મહારાષ્ટ્ર સરકારે ૨,૦૦૦ રૂપિયા આપવાની મંજૂરી આપી દીધી છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પગી શાંતાબેન વિરાભાઈ
મુ. વડાગામ,
તા. ખાનપુર

## દેશમાં કોરોના વિસ્ફોટ, એક દિવસમાં ૯૩,૨૪૯ નવા કેસ, મુંબઈની સ્થિતિ ખતરનાક

ન્યુ દિલ્હી,



ફરી એકવાર દેશમાં કોરોનાના દર્દીઓમાં વધારો થયો છે, તાજા આંકડાઓ ડરાવનારા છે. રવિવારે સ્વાસ્થ્યમંત્રાલય તરફથી જાહેર આંકડાઓ મુજબ દેશમાં ગત ૨૪ કલાકમાં ૯૩,૨૪૯ નવા કોરોનાના કેસ સામે આવ્યા છે, જે ઓક્ટોબર ૨૦૨૦ બાદ સામે આવેલા અત્યાર સુધીના સૌથી વધુ આંકડા છે.

ગત ૨૪ કલાકમાં કોરોનાથી ૫૧૩ લોકોનાં મોત થયાં છે, જે બાદ દેશમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૧,૨૪,૮૫,૫૦૯ થઈ ગઈ અને કુલ મોતનો આંકડો ૧,૬૪,૬૨૩ પર પહોંચી ગયો છે. દેશમાં એક્ટિવ કેસ ૬,૯૧,૫૯૭ ઠ ડ્આકે ૧,૧૬,૨૯,૨૮ લોકો હોસ્પિટલેથી ડિસ્ચાર્જ થઈ ચૂક્યા છે, જ્યારે દેશમાં અત્યાર સુધી ૭,૫૯,૭૯,૬૫૧ લોકોને કોરોના વેક્સીન આપવામાં આવી છે.

કોરોનાથી સૌથી વધુ ગ્રસિત મહારાષ્ટ્ર છે, જ્યાંની સ્થિતિ ઘણી ચિંતાજનક બની ગઈ છે. કોરોનાના લપેટામાં કેટલાય બોલીવુડ અભિનેતા અને અભિનેત્રીઓ આવી ચૂક્યાં છે. સુપરસ્ટાર અક્ષય કુમાર પણ આજે કોરોના સંક્રમિત નિકળ્યો છે, જે બાદ તેમણે ખુદને હોમ ક્વોરેન્ટાઈન કરી લીધા છે.

જણાવી દઈએ કે દેશમાં કોવિડ૧૯થી સૌથી વધુ પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્ર છે. પ્રદેશની રાજધાની મુંબઈમાં સંક્રમણ તેજીથી વધતું જઈ રહ્યું છે. શનિવારે અહીં પાછલા ૨૪ કલાકમાં ૯ હજારથી વધુ નવા દર્દીઓ મળ્યા જ્યારે આ દરમ્યાન ૨૭ લોકોનાં મોત થયાં છે. જણાવી દઈએ કે કોરોના વાયરસ પ્રસાર પર કાબૂ મેળવવા માટે હવે મહારાષ્ટ્ર સરકાર લૉકડાઉન જેવા સખ્ત ફેસલા પર વિચાર કરી રહી છે.

જ્યારે ઉત્તર પ્રદેશમાં પણ કોરોનાના મામલામાં તેજી આવી છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં મામલા તેજીથી વધ્યા છે. બે દિવસમાં ૯૦૦થી વધુ મામલા આવ્યા બાદ આજે લખનઉમાં કોરોનાના એક હજારથી વધુ નવા મામલા સામે આવ્યા છે. જે લખનઉમાં આ વર્ષે એટલે કે ૨૦૨૧માં કોરોનાના નવા મામલાની સૌથી વધુ સંખ્યા છે. યુપીમાં કોરોનાના વધતા મામલાને જોતાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ધોરણ આઠ સુધીની તમામ સરકારી અને ખાનગી શાળાઓને ૧૧ એપ્રિલ સુધી બંધ રાખવાના નિર્દેશ આપ્યા છે.

ગુજરાતમાં પણ કોરોના બેકાબૂ બનતો જઈ રહ્યો છે. હોળી બાદ કોરોનાના કેસમાં ખાસ વધારો જોવા મળ્યો છે. જેને ધ્યાનમાં રાખી ગુજરાત સરકારે પણ તાત્કાલીક ધોરણે શાળાઓ બંધ કરવાનો નિર્ણય લીધો છે. સરકારી અને ખાનગી શાળાઓ ગુજરાતમાં બંધ કરી દેવામાં આવી છે.

## ભારતમાં કોરોનાની સ્થિતિ વણસતા PM મોદીએ બોલાવી હાઈલેવલ મિટિંગ

ન્યુ દિલ્હી,



દેશમાં વધી રહેલા કોરોનાના કેસોને લઈને પીએમ મોદી આ સમયે એક હાઈ લેવલ મિટિંગ કરી રહ્યા છે. આ બેઠકમાં કોરોના સાથે સંકળાયેલા મુદ્દા અને રસિકરણ અંગે ચર્ચા ચાલી રહી છે. કેબિનેટ સચિવ, પીએમના મુખ્ય સચિવ, સ્વાસ્થ્ય સચિવ અને ડોક્ટર વિનોદ પોલ પણ હાજર છે.

ભારતમાં રવિવારે કોરોનાના ૯૩,૨૪૯ નવા કેસ સામે આવ્યા હતા જે આ વર્ષે એક દિવસમાં સામે આવેલા સૌથી વધુ કેસ છે. આ સાથે જ દેશમાં કુલ કેસની સંખ્યા ૧,૨૪,૮૫,૫૦૯ થઈ ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા સવારે ૮ વાગ્યા સુધીમાં જાહેર કરેલા આંકડા મુજબ ૧૮ સપ્ટેમ્બર બાદથી કોરોના વાઈરસ સંક્રમણના આ એક દિવસમાં આવેલા સૌથી વધુ કેસ છે. ૧૮ સપ્ટેમ્બરના રોજ કોરોનાના ૯૩,૩૩૭ કેસ સામે આવ્યા હતા. આંકડા પ્રમાણે રવિવારે કોરોનાના કારણે ૫૧૩ લોકોના મોત થયા હતા અને હાલમાં ભારતમાં કોરોનાના કારણે મોતને ભેટેલા લોકોની કુસ સંખ્યા ૧,૬૪,૬૨૩ થઈ ગઈ છે.

મંત્રાલયે જણાવ્યું કે, સંક્રમણના મામલે સતત ૨૫માં દિવસે વધારો થઈ રહ્યો છે. દેશમાં હજુ પણ ૬,૯૧,૫૯૭ દર્દી કોરોનાની સારવાર લઈ રહ્યા છે અને જે સંક્રમણના કુલ કેસનાં ૫.૫૪ ટકા છે. સાજા થનારા લોકોની ટકાવારી ૯૩.૧૪ ટકા છે. દેશમાં ૧૨ ફેબ્રુઆરીના રોજ સૌથી ઓછા ૧,૩૫,૯૨૬ લોકો સંક્રમિત હતા જે કુલ કેસના ૧.૨૫ ટકા હતા. આંકડા અનુસાર આ બીમારીથી અત્યાર સુધીમાં ૧,૧૬,૨૯,૨૮૯ લોકો સાજા થયા છે જ્યારે મૃત્યુદર ૧.૩૨ ટકા છે.


ભારતમાં કોરોનાના કેસો ૭ ઓગસ્ટે ૨૦ને પાર પહોંચી ગયા હતા. ત્યાર બાદ સંક્રમણના કેસ ૨૩ ઓગસ્ટના રોજ ૩૦ લાખ, પાંચ સપ્ટેમ્બરના રોજ ૪૦ લાખ અને ૧૬ સપ્ટેમ્બરના રોજ ૫૦ લાખની પાર પહોંચી ગયા હતા. વૈશ્વિક મહામારીના કેસ ૨૮ સપ્ટેમ્બરના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબરના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરના રોજ ૮૦ લાખ, ૨૦ નવેમ્બરના રોજ ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરના રોજ એક કરોડને પાર કરી ગયા હતા.

## મેરઠઃ ધોરણની ૧૦ની વિદ્યાર્થિની પર સામૂહિક દુષ્કર્મ, ઝેર પી કરી આત્મહત્યા

મેરઠ,

મેરઠમાં ટ્યૂશનથી પાછી ફરી રહેલી ધોરણની ૧૦ની વિદ્યાર્થિનીનું અપહરણ કરીને કેટલાક લોકો સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. વિદ્યાર્થિનીએ આત્મહત્યા કરી લીધી છે અને સુસાઈડ નોટમાં આરોપીઓના નામ લખતી ગઈ છે. વિદ્યાર્થિની સરધાના પોલીસ મથક વિસ્તારના ગામની રહીશ છે. જાતીય હુમલો થયા પછી સાંજે ઘેર આવતાં જ તેણે ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. સારવાર દરમિયાન હોસ્પિટલમાં તેનું અવસાન થયું હતું. સુસાઈડ નોટમાં લખન અને તેના કેટલાક સહયોગીઓને આરોપી જાહેર કરવામાં આવ્યા હતા. આરોપી લખન અને વિકાસની પોલીસે શનિવારે સવારે ધરપકડ કરી હતી. બંનેને પોલીસ કોર્ટમાં લઈ જઈ રહી હતી ત્યારે લખન અને વિકાસે પોલીસ પાર્ટીના એક જવાનની પિસ્તોલ આંચકીને ભાગવા પ્રયાસ કર્યો હતો. પોલીસ ટીમે તેમને કપસાડ ગામ નજીક ફરી આંતરી લેતાં લખને પોલીસ પાર્ટી પર ગોળીબાર કર્યો હતો. પોલીસના વળતા ગોળીબારમાં તેના પગે ગોળી વાગી હતી. બંને આરોપીઓને પોલીસે ફરી ઝડપી લીધા હતા. હોસ્પિટલમાં લખનને સારવાર અપાઈ રહી છે.

## મની લોન્ડરિંગ કેસઃ EDએ યુનિટેક જૂથની રૂ.૧૯૭ કરોડની સંપત્તિ જપ્ત કરી



ન્યુ દિલ્હી,

રીઅલ એસ્ટેટ કંપની યુનિટેક જૂથ સામે નોંધાયેલા મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે રૂ. ૧૯૭ કરોડથી વધુની કિંમતની એસેટ્સને જપ્ત કરી છે. પીએમએલએની જોગવાઈ હેઠળ સિક્કિમમાં ગંગટોક અને કેરળના આલાપુઝામાં ૧-૧ રિસોર્ટ સહિત કુલ ૧૦ પ્રોપર્ટી જપ્ત કરવામાં આવી હતી. ઈડીએ જણાવ્યું હતું કે, આ સ્થાવર મિલકતનું નોંધાયેલું મૂલ્ય રૂ. ૧૯૭.૩૪ કરોડ છે અને કાર્નોસ્ટી જૂથની વિવિધ એન્ટિટીઝ તેની માલિકી ધરાવે છે. ઈડીએ દાવો કર્યો હતો કે યુનિટેક જૂથે ગેરકાયદેસર રીતે એકત્ર કરેલ રૂ.૩૨૫ કરોડનું ભંડોળ કાર્નોસ્ટી જૂથમાં ડાઈવર્ટ કર્યું હતું અને તેના બદલામાં કાર્નોસ્ટી જૂથની એન્ટિટીઝ દ્વારા આ ફંડ પાસેથી ઘણી સ્થાવર મિલકતોની ખરીદી કરી હતી. અગાઉ ઈડીએ યુનિટેક જૂથની રૂ. ૧૫૨.૪૮ કરોડની કિંમતની એસેટ્સને જપ્ત કરી લીધી હતી. યુનિટેક જૂથ અને તેના પ્રમોટર્સ સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની વિવિધ કલમ હેઠળ ક્રિમિનલ કેસ નોંધવામાં આવ્યા છે અને તેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે યુનિટેક જૂથના માલિકો-સંજય ચંદ્ર અને અજય ચંદ્રએ ગેરકાયદેસર રીતે રૂ. ૨,૦૦૦ કરોડથી વધુનું નાણાં ભંડોળ સાઈપ્રસ અને કાયમેન આઈલેન્ડમાં ડાઈવર્ટ કરી દીધું છે.

આ કેસની તપાસ દરમિયાન ઈડીએ તાજેતરમાં દિલ્હી-એનસીઆર અને મુંબઈમાં આવેલી ૩૫ કરતાં વધારે પ્રિમાઈસિસ પર દરોડા પાડયા હતાં. વિવિધ એફઆઈઆરનો અભ્યાસ બાદ ઈડી દ્વારા પીએમએલએ કેસ નોંધવામાં આવ્યો હતો.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૨૦ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના ૦૧ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૪ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૪-૦૪-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૨૫૧૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, કડાણા તાલુકાના ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૬ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૩ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૨૪૦ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૯ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૮ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૧૪૯૪૩૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૩ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૧૭૧ દર્દી હોમ આઈસોલેશન, ૧૦ દર્દી એસ. ડી.એચ. સંતરામપુર અને ૧૮ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૦૦ દર્દીઓ સ્ટેબલ અને ૧૮ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૪ વેન્ટીલેટર પર છે.

## સંતરામપુર નગરના લુણાવાડા રોડ પાસે ખેપિયો નશો કરીને જાહેરમાં બૂમ-બરાડા કરી મૂક્યા


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં લુણાવાડા રોડ પાસે કલાકો સુધી ખેપિયો દેશી દારૂની ખેપ મારી ને કલાકો સુધી બુમરા કરી મુકેલા હતા એક બાજુ ગુજરાત માં દારૂબંધીની હોવા છતાંય સંતરામપુર નગરમાં હજુ પણ વિવિધ વિસ્તારોમાં દેશી દારૂ અને ઈંગ્લિશ દારૂનું વેચાણ થઈ રહ્યું છે સંતરામપુર નગરમાં એ વિસ્તારોમાં હજુ પણ ખુલ્લામાં દારૂ વિચારેલું છે સંતરામપુરા ખેપિયો દેશી દારૂ પીને બુમ બરાડા કરી મુકેલા હતા તેના પરથી સાબિત થાય છે કે સંતરામપુર નગરમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં દારૂનું વેચાણ હજુ પણ વધી રહ્યું છે પોલીસ તંત્ર દ્વારા સાચી રીતે બંધ કરાય એવા સંતરામપુર લોકોની માંગ ઊભી થઈ.

# દાહોદ જીલ્લાના સુખસર ગામે બે યુવકોને લુડો કિંગ કેમ ડાઉનલોડ કરી જુગાર રમવા માહિતગાર કરતાં પોલીસે ઝડપ્યા

ફતેપુરા,
ફતેપુરા તાલુકાના સુખસર મુકામનો એક ચકચાર મચાવી મુકનાર કિસ્સો સામે આવ્યો છે. સુખસર મુકામે રહેતાં બે યુવકો દ્વારા પોતાના મોબાઈલ ફોનમાં લુડો કિંગ કેમ ડાઉનલોડ કરી મોબાઈલના શોશિયલ મીડીયામાં ગ્રુપ બનાવી પોતે એડમીન બની અને લુડો કિંગ કેમ મારફતે પૈસા વડે જુગાર રમી અને બીજાઓને જુગાર રમવા માહિતગાર કરતાં આ અંગેની જાણ સુખસર પોલીસને થતાં સુખસર પોલીસ દ્વારા બંન્ને યુવકોની મોબાઈલ ફોન સાથે અટકાયત કરતાં પંથકમાં આ સમાચાર વાયુવેગે ફેલાતાં યુવાઓના વાલીઓ અચંબામાં મુકાયાં હતાં.

યુવા પેઢીઓ માટે આજનો આધુનિક જમાનો ફાયદા કારક પણ છે પરંતુ તેની સાથે સાથે ક્યાંક ને ક્યાંક નુકસાન કારક પણ નિવડી રહ્યો છે. ખાસ કરીને પોતાના બાળકો મોબાઈલ ફોનમાં કયાં એપ, કંઈ સાઈડ અને કેવા પ્રકારનો શોશીયલ મીડીયાનો ઉપયોગ કરી રહ્યાં છે તેની ઉપર નજર રાખવી માતા - પિતાને હાલના સમયમાં અત્યંત આવશ્યક બની રહ્યું છે. શોસીયલ મીડીયા અને મોબાઈલ ફોન જેવા આધુનિક સાધનોના વપરાશને કારણે તેનો સદ્‌ઉપયોગ કરવાને જગ્યોએ યુવાધન ક્યાંકને ક્યાંક અવળા રસ્તે ચઢી જતાં હોય છે. આવોજ એક કિસ્સો દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સુખસર મુકામે બનવા પામ્યો છે. ગત તા.૦૩જી એપ્રિલના રોજ સુખસર મુકામે પંચાલ ફળિયામાં રહેતાં દિવ્યાંગ નાથુલાલ ગેલોત અને હરપાલ નાથુલાલ ગેલોત દ્વારા એકબીજાના મેળાપીપણામાં પોત પોતાના મોબાઈલ ફોનમાં લુડો કિંગ ગેમ ડાઉનલોડ કરી હતી. આ બાદ બંન્નેએ વોટ્સએપ માધ્યમથી એચ.પી. કિંગ લુડો ૫% નામનું ગ્રુપ પણ બનાવ્યું હતું અને પોતે આ ગ્રુપના એડમીન બન્યાં હતાં. આ ગ્રુપમાં અન્ય સભ્યોને પણ એડ કર્યાં હતાં અને લુડો કિંગ ગેમ ઉપર જુગાર રમવા માટે અન્યોને પણ માહિતીગાર કરી લુડો ગેમ રમવા માટે આર્થિક લાભ મેળવવા સારૂ પૈસા નક્કી કરી જાહેરમાં જુગાર રમાડી નસીબ અજમાવી જુગાર રમતા હોવાની પોલીસને માહિતી મળતાં પોલીસ આ બંન્ને યુવકો પાસે પહોંચી ગયાં હતાં અને મોબાઈલની તપાસ કરતાં ઉપરોક્ત હકીકત સામે આવી હતી. આ બાદ પોલીસે ઉપરોક્ત બંન્ને જણાની અટકાયત કરી તેઓના બે મોબાઈલ ફોન કિંમત રૂા.૩૦,૦૦૦૦ ના પણ કબજે લઈ સુખસર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


સંતરામપુર નગરમાં વેપારીઓએ ધંધા-રોજગાર બંધ પડ્યા
સંતરામપુર નગરમાં નગરપાલિકા દ્વારા જાહેરાત કરવામાં આવેલી છે રવિવારના રોજ સંતરામપુર નગરના દરેક વેપારીઓએ ધંધા-રોજગાર બંધ રાખવાના છે આજે સંતરામપુરના દરેક પેપર વિવિધ વિસ્તારોમાં ધંધા-રોજગાર બંધ રાખીને નગરપાલિકાના સૂચનાનું પાલન કરવામાં આવેલું હતું.

## દાહોદ કોટડા બુઝર્ગ ગામે સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ કરતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ તાલુકાના કોટડાબુઝર્ગ ગામે એક ૧૬ વર્ષીય સગીરાનું એક યુવકે અપહરણ કરી નજીકની રેલ્વે લાઈન ખાતે લઈ જઈ તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજારતાં આ સંબંધે સગીરાની માતા દ્વારા કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવ્યાંનું જાણળા મળે છે.

દાહોદ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરા ગત તા.૦૩જી એપ્રિલના રોજ પોતાના ઘરેથી નીકળી કુદરતી હાજત માટે રોડ તરફ નીકળી હતી. આ દરમ્યાન કોટડાખુર્દ ગામે સિંગલ ફળિયામાં રહેતો અજયભાઈ રિકશનભાઈ નિનામા આ સગીરા પાસે આવી તેણીનું બળજબરી પુર્વક અપહરણ કરી નજીકમાં આવેલ રેલ્વે લાઈનની સામે ખેતરમાં લઈ ગયો હતો અને ત્યાં સગીરાની મરજી વિરૂધ્ધ અજયભાઈએ બળાત્કાર ગુજારતાં આ સંબંધે ઘરે આવી સગીરાએ પોતાના પરિવારને જાણ કરતાં પરિવારજનોના પગેથી જમીન સરકી ગઈ હતી અને આ સંબંધે પરિવારજનોએ સગીરાને સાથે લઈ કતવારા પોલીસ મથકે આવી ઉપરોક્ત યુવક વિરૂધ્ધ સગીરાની માતાએ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૫-૦૪-૨૦૨૧, સોમવાર, ફાગણ વદ-૯, સૂર્યોદય-૬-૩૫, સૂર્યાસ્ત-૬-૫૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ ઉત્તરાષાઢા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભચોઘડીયા-<br>અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

# સુરતમાં બે મહિલાના મૃતદેહ બદલાયા, દફનવિધિને બદલે અપાયો અગ્નિદાહ

સુરત,
સુરત શહેર જિલ્લામાં કોરોનાના કેસ અને મોતમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે સુરત કોવિડ હોસ્પિટલની એક ગંભીર બેદરકારી સામે છે. જેમાં બે મહિલા કોરોના દર્દીના મૃતદેહ બદલાઈ ગયા હતા. એટલું જ નહીં પણ એક મૃતદેહની દફનવિધિને બદલે અગ્નિદાહ આપી દેવાતા પરિવારનો હોબાળો મચાવ્યો હતો. દરમિયાન ઉશ્કેરાયેલા પરિવારે તોડફોડ પણ કરી હતી. જેથી પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. હાલ પરિવારને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સૈયદપુરામાં આવેલી રાજવાડી ખાતે ૩૮ વર્ષીય શબાનાબેન મોહમદ અન્સારી પરિવાર સાથે રહેતા હતા. પરિવારમાં પતિનું હૃદય રોગમાં મોત થયું હતું. હાલ પુત્ર અન્સ સહિત ૩ ભાઈ અને એક બહેન માતા સાથે રહે છે. દરમિયાન ૧૦ દિવસ પહેલા શબાનાબેનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેથી તેમને સુરત કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દરમિયાન પુત્રને સવારે ૮ વાગ્યે બોલાવ્યો હતો અને માતાના મૃત્યુ બાબતે પરિવારને જાણ કરી ન હતી.

પુત્ર અનસ અન્સારીએ જણાવ્યું હતું કે, માતા સાથે એક કલાક વાત થઈ હતી. પણ આજે એવી ઘટના બની ગઈ છે કે, માતાના મોત બાદ તંત્ર કહે છે કે બોડી નહી મળે. ડોક્ટરોએ પણ આ બાબત અમારાથી છુપાવી છે. સુશિલાબેન નામની મહિલાના મૃતદેહ સાથે શબાનાબેનનો મૃતદેહ બદલી ગયો છે અને તેઓએ અગ્નિદાહ પણ આપી દીધો છે.

પુત્ર અનસે વધુમાં જણાવ્યું હતું કે, ડોક્ટરો સાથે પરિવારની મિટિંગ થઈ રહી છે. અમે ન્યાય માટે લડીશું. કાલ સુધી માતાની હાલત સારી હતી. ગત રોજ જ એક કલાક વીડિયો કોલમાં વાત કરી હતી અને આજે મોત થઈ ગયું હોવાની જાણ થઈ હતી. જ્યારે પણ રિપોર્ટ લેવા આવતા ત્યારે એક જ રિપોર્ટ આપી દેતા હતા. આજે વધુ દબાણ કરવા માટે આવ્યા તો મોત થયું હોવાની જાણ કરી હતી. સુશિલાબેનનો મૃતદેહ અમે સ્વિકાર્યો નથી. મારે મારી મમ્મી જ જોઈએ. પોલીસ સુધી જવું પડે તે પણ જઈશું.

ટોટલ ચાર મૃતદેહ છે. મૃતક શબાનાબેનના પરિવારે અન્ય મૃતદેહની તપાસ કરતા શબાનાબેનનો મૃતદેહ નથી. ચાર મૃતદેહમાં સુશીલાબેનનો મૃતદેહ હોવાનું કહી રહ્યા છે. સુશિલાબેનનો પરિવાર હજી અજાણ કે એમણે કોના મૃતદેહને અગ્નિદાહ આપ્યો છે.

સુશિલાનું પરિવાર શબાનાબેનના મૃતદેહને લઈને રાત્રે ૧૦.૩૦ વાગ્યો સ્મશાને પહોંચી ગયું હતું. અંતિમવિધી કરી ગામડે જતા રહ્યા હતા. સવારે જ્યારે આ ઘટના બહાર આવી ત્યારે પતિએ કહ્યું હતું કે અમે તો ચહેરો જોઈને જ અંતિમવિધિ કરી હતી. જોકે, ભત્રીજાએ કહ્યું હતું કે, મારા કાકાથી ભૂલ પણ થઈ હોય શકે છે. જેથી શબાનાના મૃતદેહને અગ્નિદાહ અપાઈ ગયો હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી. હાલ પરિવારને ફરિયાદ કરવી હોય તો કરી શકો છો. જોકે, જો મૃતદેહને અગ્નિદાહ અપાઈ ગયો હોય તો તે પરત ન લાવી શકાય તેવી રીતે સમજાવવામાં આવી રહ્યો છે. વધુ તપાસ પોલીસ દ્વારા પણ હાથ ધરવામાં આવી છે. જોકે, સુશિલાબેનનો પરિવાર હવે સુરત પરત આવવા પણ તૈયાર નથી.

## ઉદ્ધવની લૉકડાઉનની ચેતવણીથી ગભરાયા શ્રમિકો, મોટા પાયે હિજરત શરૂ

મુંબઈ,
રાજ્યમાં કોરોનાનો પ્રકોપ વધી રહ્યો હોવાથી સ્થિતિ ગંભીર સ્વરૂપ ધારણ કરી છે. દેશની આર્થિક રાજધાની ગણાતા મુંબઈ શહેરમાં દરરોજ હજારો કેસ નોંધાઈ રહ્યા હોવાથી મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ ફરી એકવાર લૉકડાઉન લગાવવાની ચેતવણી આપ્યા બાદ અન્ય રાજ્યોમાંથી રોજગાર માટે આવેલા શ્રમિકોમાં ગભરાટ ફેલાયો છે અને પહેલાની જેમ કફોડી હાલત ન થાય તે ભયથી શ્રમિક વર્ગે હિજરત શરૂ કરી દીધી છે.

ગયા વર્ષે માર્ચ મહિનાના અંતમાં લાદવામાં આવેલા લૉકડાઉનને કારણે મજૂર વર્ગ હેરાન અને પાયમાલ થઈ ગયાં હતાં. પરિવહનની બધી જ સુવિધાઓ બંધ કરી હોવાથી બેરોજગાર મજબૂર મજૂરો પગપાળા પોતાને વતન જઈ રહ્યા હતાં. ફરી એક વાર જૂના દિવસોનું પુનરાવર્તન ન થાય તેના ભયથી મુંબઈ સહિત મોટા શહેરોમાં મજૂરી કરતાં સેંકડો લોકોએ લૉકડાઉન લાગે અને પરિવહનના માધ્યમો બંધ થાય તે પહેલા ફરી એકવાર હિજરતનો માર્ગ અપનાવ્યો છે. કોરોનાનો પ્રસાર વિકરાળ રૂપ લઈ રહ્યો હોવાથી મુખ્ય પ્રધાને બીજી એપ્રિલના રોજ ફેસબૂક લાઈવ દ્વારા જનતાને સંબોધતા લૉકડાઉન સિવાય બીજો કોઈ વિકલ્પ ન હોવાથી લૉકડાઉન સ્વીકારવું પડશે એવી ચેતવણી આપ્યા બાદ શ્રમિકોની ચિંતા વધી ગઈ છે. શનિવારે રેલવે સ્ટેશન અને બસ સ્ટેશનો પર મોટી સંખ્યામાં લોકો પોતાને ગામ જઈ રહ્યા હોવાનું ચિત્ર જોવા મળ્યું હતું.

કોરોનાના પ્રસારને પગલે મૉલ, થિયેટર, નાટ્યગૃહ બંધ કરવા માટે સરકાર વિચાર કરી રહી છે.

## દાહોદ ગોવિંદ નગરમાંથી બે બાઈકોની ચોરી

દાહોદ,
દાહોદ શહેરના ગોવિંદ નગર વિસ્તારમાંથી મોટરસાઈક્લ ચોરોએ તરખાટ મચાવી એકજ રાત્રીમાં બે મોટરસાઈકલોની ઉઠાંતરી કરી લઈ નાસી જતાં વિસ્તારમાં ખળભળાટ મચી જવા પામી છે.

શહેરના ગોવિંદ નગર વિસ્તારમાં સ્વપનલોક સોસાયટીમાં રહેતા પ્રશાંતકુમાર નાનાભાઈ વણકર અને ત્રિમુર્તિ સોસાયટીમાં રહેતા યશપાલ નાશીકર સોનીએ પોતપોતાની મોટરસાઈકલ ગત તા.૦૨જી એપ્રિલના રોજ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ બંન્ને મોટરસાઈકલોને અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે પ્રશાંતકુમાર નાનાભાઈ વણકરે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દૈનિક રાશીફળ

તા.૦૫.૦૪.૨૦૨૧ સોમવાર

મેષ રાશી (અ.લ.ઈ): જીવનસાથી સાથેનો સબંધ મધુર રહેશ, જુની ઉધરાણી મળશે. આર્થિક ઉપાર્જનની નવી તકો મળી શકે છે અને કામકાજમા ઉન્નતિ થશે. આજના દિવસે બીયતની બાબતે કાળજી રાખવી જરૂરી છે.

વૃષભ રાશી (બ.વ.ઉ): તમારું દાપત્યજીવન સુખમય રહેશે. પ્રવાસના કામકાજથી ફાયદો થશે અને નવા ધંધામાં માટે ઉત્તમ તકો મળશે. સંતાનો પ્રત્યે કાળજી રાખવી. વ્યવસાયને લગતા કામકાજમા સફળતા મળશે.

મિથુન રાશી (ક.છ.ઘ): ભાઈભાંડુઓથી લાભ થશે. પરિવારમા શાંતિ જળવાઈ રહેશે. કામકાજના સ્થળે મુશ્કેલી અનુભવશો. મનઈચ્છીત ફળ પ્રાપ્તીમા વિલંભ થશે. નાણાકીય લેવડ-દેવડમા કાળજી રાખવી.

કર્કરાશી :- (ડ.હ): ધન અને પરિવારનુ સારુ સુખ મળશે. ખોટા ખર્ચાઓમા સાવધાની રાખવી. પારિવારિક જીવનમા તનાવ જણાશે. કામકાજમા મહેનત પછી સફળતા મળશે.

સિંહ :- (મ.ટ): સ્વાસ્થ્યની બાબતમા સાચવવુ. ધંધા માટે સારો સમય ચાલી રહ્યો છે. સારા પરિણામો મળશે. આર્થિક બાબતોમા સાધારણ સુધારો જણાશે. ધાર્મિક કાર્ય કરવાથી લાભ થશે.

કન્યા :- (પ.ઠ.ણ): સ્વપ્નાઓને સાકાર કરવા ઉત્તમ સમય છે. આવકના નવા સ્ત્રોત મળશે. માનસીક શાંતિનો અનુભવ થશે. કૌટુંબિક સમશ્યાઓનુ સમાધાન થશે. પ્રતિસ્પર્ધીઓથી સાવધાની રાખવી.

તુલા :- (ર.ત): બીજાની વાતોથી ભ્રમીત ના બનશો. તમારા કામમા જ વિશ્વાસ રાખવો. ધંધામા અને પરિવારમા તનાવ રહેશે. રાજકાજમા વિજયી બનશે. જમીન મકાનને લગતા કાર્યોમા લાભ થશે.

વૃશ્ચિક :- (ન.ય): નાના ભાઈઓ, હાથ નિચે કામ કરતા સહયોગીઓથી લાભ થશે. કરેલો પરિશ્રમ ફળદાઈ બનશે. ધંધા વેપારમા આર્થિક લાભ થશે. સામાજીક કાર્યોમા સફળતા મળશે. સંતાનના અભ્યાસમા સુધારો જણાશે.

ધન :- (ભ.ધ.ફ.ઢ): જમીનને લગતા કામથી લાભ થશે. ભાગીદારો અને જીવનસાથીનો સહકાર મળશે. નોકરીની નવી તકો અથવા ઓફર મળે. કારણવગરની માથાકુટ કરવાથી નુકશાન થશે. ભાગ્યોદય માટે ઉત્તમ સમય છે.

મકર :- (ખ.જ): આજે આપના ધીરજની કસોટી થશે. જે કામ કરી શકાય તેવા કામ જ હાથમા લેવા. વ્યવસાયના કામમા ધ્યાન આપી શકશો. નોકરીયાતને ઉત્તમ તક મળે.

કુંભ :- (ગ.શ.સ.ષ): પરિવારમા શુભ સમાચારથી ખુશીઓ વધશે. જીવનસાથીના વિચારો સાથે મૈત્રી કરો. ધંધાકિય કાર્યમાં સફળતા મળશે. ધંધાને લગતા વિષયોમાં સમજી વિચારીને નિર્ણય કરવો. નોકરીયાતને કામમા મહેનત વધશે.

મીન :- (દ.ચ.ઝ.થ): નોકરીયોત ખોટા કારણોમા સંડોવાય નહિ તેનુ ધ્યાન રાખવુ. આર્થિક સ્થિતિ મજબૂત બનશે. વાદ વિવાદથી નુકશાન થશે માટે સાચવવુ. ખોટુ સાહસ અને ઉતાવળ કરવી નહિ આજનો દિવસ ઉતાર ચઢાવવાળો રહેશે.

## કિસાન નેતા રાકેશ ટિકૈત-શંકર સિંહે અંબાજીમાં દર્શન કરીખેડૂતોના પ્રશ્નો હલ થાય તેવી પ્રાર્થના કરી

અંબાજી,
બે દિવસની ગુજરાતની મુલાકાતે આવેલા ખેડૂત આગેવાને સૌ પ્રથમ અંબાજી મંદિરમાં શિશ ઝુકાવ્યુ છે. રાકેશ ટિકૈત વહેલી સવારે જ ટ્રેન મારફતે આબુ રોડ પહોંચ્યા હતા. અને ત્યાંથી તેઓ રાજસ્થાનની છાપરી બોર્ડર થઈને ગુજરાતમાં પ્રવેશ કર્યો હતો..છાપરી બોર્ડર પર રાકેશ ટિકૈતનું ગુજરાતના ખેડૂત આગેવાનોએ પ્રતિકાત્મક હળ આપીને સ્વાગત કર્યુ હતું..

કિસાન નેતા રાકેશ ટિકૈત અંબાજીમાં સરકીટ હાઉસ ખાતે વિશ્રામ કરી અંબાજી માતાના દર્શન કરી પાલનપુર રવાના થયા હતા.



કિસાન નેતા રાકેશ ટિકૈતે ગુજરાતમાં છાપરીથી પ્રવેશ કર્યો છે. જેમાં ખેડૂતોએ હળ આપી તેમનું સ્વાગત કર્યું છે. તથા સુરક્ષાને લઈને પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો છે. રાકેશ ટિકૈત આબુરોડથી અંબાજી આવવા નિકળ્યા ત્યારે પુછ્યું હતું કે ગુજરાત આવવા પર કોઈ પાસપોર્ટ જોઈએ છે તો હું પરમિશન લઈને આવું

કિસાન નેતા રાકેશ ટિકૈત ટ્રેન મારફતે રાજસ્થાનના આબુરોડ પહોંચ્યા હતા. તેમજ સાથે ખેડૂત આગેવાનો પણ જોડાયા છે. તેમજ તેમણે જણાવ્યું છે કે આખા દેશમાં ખેડૂત આંદોલન થશે. તેમજ ગુજરાતના ખેડૂતોને અન્યાય થાય છે. ખેડૂતોની સમસ્યાઓ માટે હું ગુજરાત આવ્યો છુ. કાલે બારડોલીમાં પબ્લિક મીટીંગ છે. સરકારના ત્રણ કાળા કાયદા છે તેમાં સરકાર ખેડૂતોના પાકને સસ્તામાં લુંટવાની યોજના બનાવી રહી છે. તે વાત ખેડૂતોને બતાવી છે.

દિલ્હી હરિયાણા બોર્ડર પર ચાલી રહેલા ખેડૂત આંદોલનના પગલે હવે ગુજરાતમાં પણ ખેડૂતોની સ્થિતિ જાણવા માટે અને ન્યાય આપવા માટે આંદોલનકારી નેતા રાકેશ ટિકૈત આજે ગુજરાતમાં આવવાના છે. ત્યારે રાકેશ ટિકૈત અત્યારે ગુજરાત રાજસ્થાન બોર્ડર પર આવેલ આબુરોડ ખાતે ટ્રેન દ્વારા પહોંચ્યા છે. અને અહીંથી તેઓ ટ્રેક્ટર રેલી સાથે અંબાજી આવશે.

ખેડૂતોના આંદોલનકારીઓ આજે ગુજરાતના પ્રવાસે આવનાર છે. જે અંતર્ગત તેઓ અત્યારે ટ્રેન દ્વારા આબુરોડ આવી પહોંચ્યા છે. જ્યાં સ્થાનિક ખેડૂતો દ્વારા તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે. રાકેશ ટિકૈત ગુજરાતમાં ખેડૂતોની પરિસ્થિતિ જાણવા માટે અને પીડિત ખેડૂતોની ખેતપેદાશોના ભાવ માટે ગુજરાતમાં ખેડૂતોની મુલાકાતે આવવાના છે.

જેમાં આબુરોડથી ટ્રેક્ટર રેલી દ્વારા રાકેશ ટિકૈત તેમના સમર્થકો સાથે અંબાજી આવશે. જ્યાં માં અંબાના દર્શન કરી પાલનપુર ખાતે આવશે. અને અહીં ખેડૂતો સાથે સંવાદ પણ કરશે. જેને પગલે અત્યારે બનાસકાંઠા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં પોલીસ એલર્ટ થઈ ગઈ છે. અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ શાંતિ નજર રાખી રહી છે.

તા.૦૫/૦૪/૨૦૨૧
સોમવાર

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદમાં શીતળા સાતમના દિવસે બે મંદિરો બંધ રહેતાં શ્રધ્ધાળુઓમાં અંદરો અંદર ભારે રોષ

- ચુંટણી ટાણે જાહેર સભાઓ, વિજયી સરઘસો, ઉન્માદ ઉપર તાળા મારતાં તો યોગ્ય રહેતું.
- હાલ બજારોમાં જામતી ભીડભાડને અંકુશમાં લાવો તો યોગ્ય રહેશે.
- શું કોરોના માત્ર મંદિરોમાંજ ફેલાઈ શકે? જેવા અનેક પ્રશ્નો શીતળા સાતમના દિવસે શ્રધ્ધાળુઓમાં ઉદ્ભવવા પામ્યા.

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણ ફેલાઈ રહ્યું તે સાચી વાત છે પરંતુ આસ્થાના સ્વરૂપ રૂપે મંદિરોમાં તાળા મારવા કેટલું યોગ્ય છે? તેવા અનેક પ્રશ્નો પ્રજામાનસ પટમાં ઉદ્ભવી રહ્યાં છે. શહેરના શીતળા માતા મંદિર અને સુદઈ માતાના મંદિરને પાંચ દિવસ બંધ રાખવાના નિર્ણય સાથે આજે સાતમના દિવસે શીતળા માતાની પુજા-અર્ચના કરતી મહિલાઓ મંદિરના દ્વાર બંધ જોઈ મહિલાઓમાં અંદરો અંદર ભારે રોષ પણ જોવા મળ્યો હતો. સમાજ અને મહિલાઓનો રોષ પણ યોગ્ય છે. જો ખરેખર કોરોના મંદિરોમાં થતી ભીડથી, મંદિરે જવાથી અને મંદિરોમાંથી જ ફેલાતો હોય તો ચુંટણી ટાણે જાહેર સભાઓ, રેલીઓ, વિજયી સરઘસો અને હાલ લગ્નસરાની સીઝનમાં બજારોમાં જામતી ભીડભાડ પર અને અન્ય જાહેર સ્થળોને પણ તાળા મારવા જોઈતા હતાં. માત્ર મંદિરોને જ કેમ તાળા મારવામાં આવ્યાં? જેવા અનેક સવાલો મહિલાઓમાં આજે ચર્ચાનો વિષય બન્યાં હતાં. સાતમના દિવસે આ મંદિરોમાં તાળા લટકતાં જોઈ મહિલાઓ માતાજીની પુજા અર્ચનાથી વંચિત રહી હતી માત્ર મંદિરની બહારથી જ શીતળા માતાજીની પુજા, અર્ચના કરી મહિલાઓ અંદરો અંદર રોષે ભભુકી પરત પોતપોતાના ઘરે રવાના થતી પણ જોવ મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, શું ખરેખર માત્ર મંદિરોને તાળા મારવાથી કોરોના જતો રહેશે? મંદિરોને તાળા મારી લોકોની આસ્થાને ઠેર પહોંચાડવાનો અધિકાર કોણે આપ્યો? અને તેમાંય આ બંન્ને મંદિરોમાં રોજે રોજ ક્યાં દર્શાનાર્થીઓ આવતાં હોય છે જે માત્ર એક દિવસમાં કોરોના એટલો બધો ફેલાઈ જવાની બીકે પાંચ દિવસ સુધી મંદિરોને તાળા મારવા પડ્યાં ? જેવા અનેક સવાલો વિચાર માંગી લેતા છે. ખરેખર જ્યાં તાળા મારવા જોઈએ ત્યાં મારવામાં નથી આવતાં અને હાલ તો રોજે રોજ બજારોમાં જ્યાં જુઆ ત્યાં ભીડભાડ, છડેચોક સોશીયડલ ડિસ્ટન્સના ધજાગરા જોવા મળી રહ્યાં છે તો માત્ર કોરોનાની આડમાં મંદિરોને તાળા મારવાનો હેતું શું હશે?

બે દિવસ હિન્દુ ધર્મવો તહેવાર એવા છઠ્ઠ અને સાતમ હતી. આ દિવસે પરિવારમાં મહિલાઓ છઠ્ઠની રાત્રીએ એક દિવસ પહેલાની જ જમવાની વ્યવસ્થા કરી બીજા દિવસે સાતમના તહેવારની ઉજવણી કરી હોય છે. આ સામના દિવસે આખો દિવસ ઠંડું ભોજન ખાવાનોજ આગ્રહ રખાતો હોય છે. આ સાતમના દિવસે મહિલાઓ ઉપવાસ સહિતની શ્રદ્ધાભેર શીતળા માતાના મંદિરે જઈ માતાજીની પુજા-અર્ચના કર્યા બાદ જ ઠંડુ ભોજન આરોગે છે. દાહોદ જિલ્લામા સમગ્ર કોરોના કાળમા દર્દીઓ મામલે જિલ્લા મથક દાહોદ આજ દિન સુધી મોખરે રહ્યુ છે. હાલમાં પણ રોજેરોજ પોઝિટિવ કેસ નોંધાઈ રહ્યા છે. આ સ્થિતિને કારણે તહેવારોને અનુલક્ષીને શહેરના સ્ટેશન રોડ સ્થિત શીતળા માતાનું મંદિર અને પરેલમાં આવેલુ સુદઈ માતાનું મંદિર તારીખ ૦૧થી ૦૫ એપ્રિલ સુધી બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. શીતળા માતાનું મંદિર બંધ રખાયુ હોવા છતાં સાતમે રાતથી જ ભાવિકોની ભીડ જામી હતી. બીજી તરફ ફાગણ વદ સાતમ જેને ઘણા લોકો શીતળા સાતમ તરીકે ઉજવે છે. આ દિવસે આગલા દિવસે બનાવેલુ ઠંડુ ભોજન જ આરોગવાનુ હોય છે. તે પહેલા શીતળા માતાની પૂજા કરવાની હોય છે તેમજ મહિલાઓ આ દિવસે સ્નાન પણ ઠંડા પાણીથી જ કરે છે. ત્યારે આજે સાતમ હોવાથી શીતળા માતાનું મંદિર બંધ હોવા છતા રાતના ૧૨ વાગ્યાથી મહિલાઓની ભીડ જામવા લાગી હતી.

શ્રદ્ધાળુઓએ બંધ મંદિરના પટાંગણમા જ પૂજા અર્ચના કરી હતી. જેથી ઠેર ઠેર પૂજાનો સામાન વેર વિખેર થયેલો જોવા મળ્યો હતો. આમ ભીડ ન થાય તેના માટે મંદિર બંધ રખાયુ હોવા છતા આસ્થાને તાળા કેવી રીતે મારવા? આમ ખરેખર શ્રદ્ધાના સરનામા નથી હોતા તે ફરી પુરવાર થયુ છે.

## દાહોદ નગર પાલિકામાં થયેલ કરોડો રૂપિયાના કૌભાંડનો મામલો

- ઈન્દોર અમદાવાદ હાઈવે પર સ્થિત વેસ્ટ પ્રોસેસિંગ યુનિટ (ડમ્પીંગ યાર્ડ)ના કામોમાં કરોડો રૂપિયાના કૌભાંડ સંદર્ભે ઉચ્ચ કક્ષાએથી તપાસનો ધમધમાટ.
- દાહોદ નગર પાલિકામાં થયેલ કરોડો રૂપિયાના કૌભાંડની તપાસનો ધમધમાટ : સમગ્ર મામલે પ્રાદેશિક કમિશનર કચેરીએથી ચીફ ઓફિસર પાસેથી ૭ દિવસમાં અહેવાલ માંગ્યો હોવાનું જાણવા મળેલ છે.

દાહોદ,

દાહોદ નગરપાલિકા હસ્તકના વેસ્ટ પ્રોસેસિંગ યુનિટ (ડમ્પીંગ યાર્ડ)ના બાંધકામ સહિતના કામોમાં તત્કાલીન ચીફ ઓફિસર દ્વારા આચરેલ કરોડો રૂપિયાના કૌભાંડના મામલામાં ઉચ્ચ સ્તરેથી તપાસનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.જાગૃત નાગરિકની રજૂઆત તેમજ રજુ કરેલ જડબેસલાક પુરાવાઓનો બારીકાઈથી નિરીક્ષણ બાદ નગરપાલિકાના કામોમાં કૌભાંડ થયાંની ગંભીર નોંધ સાથે મુખ્યમંત્રી કાર્યાલયના નિર્દેશો બાદ આ સમગ્ર મામલામાં મુખ્ય સચિવે તપાસના આદેશ પહેલા જ આપી દીધા છે. તેમજ આ મામલાની તપાસમાં વિજિલન્સ સહીત અન્ય તપાસ એજેન્સીઓ પણ સામેલ થઈ ચુકી છે. આ મામલામાં ઉપલા લેવલથી ઓડિટ પણ કરવામાં આવ્યું છે.ત્યારે વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરીએ દાહોદ નગર પાલિકાના ચીફ ઓફિસરને એક પત્ર પાઠવી અરજદાર દ્વારા કરવામાં આવેલી અરજીના સંદર્ભમાં કરેલ કાર્યવાહીનો સમગ્ર અહેવાલ સાત દિવસમાં અત્રેની કચેરીએ રજુ કરવા આદેશો કરતા સમગ્ર મામલામાં ગરમાવો જોવા મળી રહ્યો છે. તેમજ તત્કાલીન ચીફ ઓફિસર ફરતે ગાળિયો વધુ કસાતો જોવા મળી રહ્યો છે. ત્યારે આવનારા દિવસોમાં દાહોદ નગરપાલિકામાં ઉચ્ચ કક્ષાએથી વિવિધ એજન્સીઓ ધામા નાખી સમગ્ર મામલામાં તલસ્પર્શી તપાસ કરવાનું વિશ્વસનીય સૂત્રો દ્વારા જાણવા મળે છે.

## દાહોદના કતવારા ગામે વરલી મટકાનો જુગાર રમતાં ત્રણ જુગારીયા ઝડપાયા

દાહોદ,

દાહોદ તાલુકાના કતવારા ગામે જાહેરમાં ત્રણ જેટલા જુગારીઓ વરલી, મટકાનો જુગાર રમતાં પોલીસના ઓચિંતા છાપામાં બે જણાને પોલીસે ઝડપી પાડી જ્યારે એક નાસી જવામાં સફળ રહેલા પોલીસે સ્થળ પરથી અને અંગઝડતીમાંથી રોકડા રૂપીયા મળી કુલ રૂા.૧૨,૫૫૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

કતવારા ગામે ગામતળ ફળિયામાં ગતરોજ ૦૩જી એપ્રિલના રોજ અરવિંદભાઈ નવલસિંગ બામણ (લબાના) (રહે.કતવારા, ગામતળ), લોકેન્દ્ર નવલસીંગ બામણ (લબાના) (રહે. કતવારા, ગામતળ) અને મુળાભાઈ કચરાભાઈ ચાવડા (રહે.કતવારા) આ ત્રણેય જણા આંક,ફરક, મટકા આંકનો જુગાર રમતાં હોવાની કતવારા પોલીસને બાતમી મળી હતી અને પોલીસે તેજ સમયે આ સ્થળે ઓચિંતો છાપો મારતાં ત્રણેય જણામાં નાસભાગના દ્રશ્યો સર્જાયાં હતાં. આ પૈકી અરવિંદભાઈ અને લોકેન્દ્રભાઈને પોલીસે ઝડપી પાડ્યાં હતાં જ્યારે મુળાભાઈ કચરાભાઈ ચાવડા પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે ઝડપાયેલ બંન્ને જણાની અંગ ઝડપી અને દાવ પરથી રોકડા રૂપીયા મળી ૧૨,૫૫૦ ની રોકડ રકમ સાથે ત્રણેય જણા વિરૂધ્ધ કતવારા પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લામાં મોબાઈલ ચોરીમાં બાળ કિશોર પકડાયો

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા અને ઝાલોદ તાલુકામાંથી છેલ્લા એક અઠવાડિયાની અંદર ચાર જેટલા મોબાઈલ ફોનની ચોરી થઈ હતી અને આ મામલે મોબાઈલના માલિકો દ્વારા જે તે પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાવી હતી. મોબાઈલ ચોરીના વધતાં બનાવોની ગંભીરતાને ધ્યાનમાં લઈ દાહોદ એલ.સી.બી. પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરતાં આ મોબાઈલ ચોરી પાછળ એક બાળ કિશોર કાયદાના સંઘર્ષમાં આવતાં પોલીસે તેની પાસેથી ચાર જેટલા મોબાઈલ ફોન કબજે કર્યાં હતાં અને તેણે લીમખેડા અને ઝાલોદ તાલુકામાંથી આ ચારેય મોબાઈલ ફોન ચોરી કર્યા હોવાની પણ કબુલાત કરતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ જિલ્લામાં મોબાઈલ ચોરીના બનાવોમાં છેલ્લા એક સપ્તાહની અંદર બનાવો વધવા પામ્યાં હતાં અને ખાસ કરીને ઝાલોદ અને લીમખેડામાંથી મોબાઈલ ચોરીઓની ઘટના સામે આવી હતી. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ દાહોદ એલ.સી.બી.પોલીસે મોબાઈલ ચોર ટોળકીને પકડી પાડવા ચક્રોગતિમાન કર્યાં હતાં. દાહોદ એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, એક ઈસમ જેને શરીરે રાખોડી કલરની આંખી બાયનો ટીશર્ટ પહેરેલ છે અને તે ઝાલોદ બસ સ્ટેશનની બહાર ચાની કીટલીની આગળ ઉભો છે અને તે મોબાઈલ ફોન વેચવાની ફીરાકમાં છે. આ બાતમી મળતાંની સાથે પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને આ વ્યકિતની પુછપરછ કરતાં પોલીસને સંતોષ કારક જવાબ મળ્યો ન હતો. પોલીસ તેને લઈ પોલીસ મથકે પહોંચી હતી અને તેની સઘન પુરછપરછમાં તે બાળ કિશોર હોવાનું પોલીસને જાણવા મળતાં એકક્ષણે પોલીસ પણ અચંબામાં મુકાઈ હતી. પોલીસે તેની સઘન પુરછપરછ કરતાં તેને આ મોબાઈલ સિવાય અન્ય ત્રણ મોબાઈલ ફોનો પણ ચોરી કર્યા હોવાની કબુલાત કરી હતી. આ ચારેય મોબાઈલ ફોન લીમખેડા તાલુકા અને ઝાલોદ, લીમડી નગરમાંથી ચોરી કર્યાં હતાં. વધુમાં જાણવા મળ્યાં અનુસાર, આ બાળ કિશોર જુદી જુદી ભીડભાડવાળી જગ્યાએ તેમજ સોસાયટીઓમાં ફેરી કરવાના બહાને જઈ મકાનમાં તેમજ રૂમની અંદર બારીમાં ચાર્જીગમાં મુકેલ મોબાઈલ ફોન તેમજ દુકાનમાં ચાર્જીગમાં મુકેલ મોબાઈલ ફોનની ચોરી કરી સીમ કાઢી ફેંકી દઈ મોબાઈલ ફોન પોતાની પાસે રાખી ગ્રાહકોને સસ્તા ભાવે ચોરીના મોબાઈલ વેચી જેવાની પ્રવૃતિ ધરાવે છે. પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલ આ બાળ કિશોર પાસેથી ચોરીના ત્રણ મોબાઈલ ફોન કબજે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ઝાલોદના ડુંગરી ગામેથી ૧ લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે એક બુટલેગરે એક મકાનમાં વિદેશી દારૂનો મોટી માત્રામાં વેપલો કરતો હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે ઓચિંતી પ્રોહી રેડ કરતાં બુટલેગર પોલીસને જોઈ નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે મકાનમાંથી વિદેશી દારૂ તથા બીયરની પેટીઓ મળી કુલ રૂા.૧,૦૨,૦૦૦નો પ્રોહી જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝાલોદ તાલુકાના ગામતળ ગામે રહેતો વિજયભાઈ ખુમાનભાઈ ડામોરે ગત તા.૦૩જી એપ્રિલના રોજ ડુંગરી ગામે એક મકાનમાં વિદેશી દારૂ સંતાડી રાખી વેચાણ કરતો હોવાની પોલીસને બાતમી મળી હતી. બાતમી મળતાંની સાથે પોલીસે મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ કરતાં વિજયભાઈ પોલીસને ચકમો આપી નાસી ગયો હતો. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂ તથા બીયરની પેટીઓ નંગ.૨૫ જેમાં બોટલો નંગ.૭૬૮ કિંમત રૂા.૧,૦૨,૦૦૦નો પ્રોહી જથ્થો કબજે કરી લીમડી પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆના કાપડી વિસ્તારમાં જુગારનું એપી સેન્ટર : પોલીસનો થયો આશિર્વાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરમાં કાપડી વિસ્તાર જિલ્લાનું જુગારધામનું એપી સેન્ટર માનવામાં આવે છે. સ્થાનીક પોલીસ તંત્ર અને જિલ્લા પોલીસ તંત્ર પણ તેનાથી અજાણ તો નથી પરંતુ તેમ છતાંય પોલીસની નજરો રહેમ હેઠળ અને ક્યાંક ને ક્યાંક હપ્તાગીરીના માહોલ વચ્ચે આ દેવગઢ બારીઆના કાપડી વિસ્તારમાં ચોવીસે કલાક જુગારના અડ્ડો બેરોકટોક ધમધમી રહ્યાં છે ત્યારે પોલીસ તંત્ર દ્વારા સેહ શરમ રાખ્યા નગર જો જાણિતા જુગારના અડ્ડાઓ ઉપર રેડ પાડવામાં આવે તો મોટા માથાના જુગારીઓ અગણિત માત્રામાં ઝડપાઈ જાય તેમ છે.

દેવગઢ બારીઆ જુગારીઓ માટે આર્શિવાદ બની રહ્યું છે અને તેમાંય દેવગઢ બારીઆના કાપડી વિસ્તારમાં ધમધમાટ મોટામાં મોટા અને નાનામાં નાના જુગારના અડ્ડો સ્થાનીક પોલીસની નજર રહેમ હેઠળ ધમધમતાં રહે છે. બીજી તરફ જાણવા મળ્યા અનુસાર, ખુંખાર આરોપીઓ, ગુન્હાગારો અને નાસતા ફરતાં આરોપીઓ માટે આ કાપડી વિસ્તાર આશ્રય સ્થાન સમાન પણ બની રહ્યું છે જો પોલીસ ઓચિંતો છાપો મારે તો ઘણા નાસતા ફરતાં આરોપી, ગુન્હેગારો જે હજુ પણ પોલીસની પકડથી દુર છે તેઓને પણ ઝડપી પાડવામાં આવે તેમ છે પરંતુ જ્યારે અહીં વાત જુગારના અડ્ડાઓની વાત કરીએ તો દેવગઢ બારીઆનો કાપડી વિસ્તાર જિલ્લા સહિત અન્ય આસપાસના જિલ્લાઓના જુગારીઓ માટે આર્શિવાદ સમાન છે. જાણવા મળ્યા અનુસાર, અહીંના સ્થાનીક જુગારના અડ્ડા ચલાવનારાઓ મજુર વર્ગ, આસપાસની ગ્રામીણ અને ભોળી ભાળી પ્રજાના આખા દિવસના કમાણી પૈસા જુગારમાં ચાઉં કરી જાય છે અને બીચારી ભોળી ભાળી પ્રજા પણ એકના ડબલની લાલચમાં પોતાના કમાણીના પૈસા જુગારમાં વેડફી નાંખે છે જેથી ઘણા ઘરો બરબાદ પણ જાય છે. આવા સમયે પોલીસ દ્વારા પ્રજાલક્ષી હિતને ધ્યાનમાં રાખી જો આ કાપડી વિસ્તારમાં ધમધમટા જુગારના અડ્ડાઓ પર ઓંચિતી રેડ પાડે તો ઘણા ઘરો બરબાદ થઈ જતાં બચી શકે તેમ છે બીજી તરફ જાણવા મળ્યા અનુસાર અને દેવગઢ બારીઆ નગરમાં પ્રજાજનોમાં છડેચોક ચર્ચાનો વિષય એ પણ બન્યો છે કે, સ્થાનીક પોલીસની નજર રહેમ હેઠળ જ આ જુગારના અડ્ડાઓ ધમધમતાં હોય છે પરંતુ પોલીસ જાણે આંખ આડા કાન કરી કોઈ કાર્યવાહી કરતી નથી તો શું પોલીસને હપ્તા મળતાં હશે? જેવી અનેક ચર્ચાઓ પણ નગરજનોમાં ઉઠવા પામી છે ત્યારે કાપડી વિસ્તારમાં ધમધમતા જુગારના અડ્ડાઓ ઉપર પોલીસ એક્શન લઈ કાર્યવાહી કરે તેવી લાગણી અને માંગણી દેવગઢ બારીઆના નગરજનોમાં ઉઠવા પામી છે.

## દાહોદ જીલ્લામાં કોરોનાનો રાફડો ફાટ્યો : ૨૦ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે કોરોના સંક્રમણ કેસમાં પોઝીટીવ દર્દીઓનો રાફડો ફાટ્યો છે. આજે એક સાથે ૨૯ દર્દીઓ કોરોના પોઝીટીવ હોવાની ખબરો સાથેજ જિલ્લા આરોગ્ય તંત્ર સહિત જિલ્લાવાસીઓમાં કોરોના સંક્રમણના વધતાં પ્રકોપને કારણ ફફડાટ ફેલાયો છે. વધતાં કોરોના સંક્રમણને પગલે દાહોદ જિલ્લામાં મૃત્યુ આંક પણ વધતો જોવા મળી રહ્યો છે. આજે વધુ ૦૨ દર્દીઓના કોરોનાથી મોત થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

દાહોદ જિલ્લામાં હવે કોરોના સંક્રમણના કેસોમાં કુદકેને કુસકે વધારો જોવા મળી રહ્યો છે. દાહોદ જિલ્લામાં હાલ લગ્નસરાની સીઝન હોઈ બજારોમાં ખરીદી માટે તેમજ અન્ય કામકાજ માટે લોકોની ભારે અવર જવર જોવા મળી રહી છે. બજારોમાં શોશીયલ ડિસ્ટન્સનો અભાવ તેમજ માસ્ક ન પહેરતાં લોકો પણ જોવા મળી રહ્યાં છે ત્યારે આજે એક સાથે ૨૯ દર્દીઓ કોરોના સંક્રમણની ઝપેટમાં આવતાં આરોગ્ય તંત્ર પુનઃ દોડતું થયું છે. આ ૨૯ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૮, દાહોદ ગ્રામ્યમાંથી ૦૪, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૧, દેવગઢ બારીઆ અર્બનમાંથી એક સાથે ૧૦ કેસો સામે આવ્યાં છે ત્યારે લીમખેડામાંથી ૦૧, ફતેપુરામાંથી ૦૪ અને સંજેલીમાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. વધતાં કેસોની સામે હોસ્પિટલમાં રજા આપતાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો થયો છે અને ક્યાંકને ક્યાંક આ એક રાહતના સમાચાર પણ છે. આજે એકસાથે ૨૦ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને રજા આપવામાં આવી હતી પરંતુ એક્ટીવ કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે જે એક ચિંતાનો વિષય પણ છે અત્યાર સુધી ૧૯૧ લોકો કોરોના સંક્રમણને પગલે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે. આ તો માત્ર સરકારી આંકડા છે પરંતુ ખાનગી હોસ્પિટલોમાં કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓનો આંકડો તો કંઈક જુદો જ છે. મૃત્યુ દરની વાત કરીએ તો આજે વધુ ૦૨ દર્દીઓ કોરોઓના કોરોનાથી મોત નીપજતાં મૃત્યુ આંક ૧૦૮ને પાર થઈ ચુંક્યો છે.

## દાહોદ જીલ્લામાં ત્રણ માર્ગ અકસ્માતના બનાવમાં ત્રણના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે જિલ્લામાં ત્રણ જુદી-જુદી જગ્યાએ સર્જાયેલ માર્ગ અકસ્માતના ત્રણ બનાવોમાં ત્રણના અકાળે મોતને પગલે પરિવારમાં માતમ છવાયો હતો જ્યારે આ ત્રણ બનાવોમાં ચારથી વધુ જેટલા વ્યક્તિઓને શરીરે ઈજાઓ થતાં નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડાયાનું જાણવા મળી રહ્યું છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના મોટી ખરજ ગામે બનવા પામ્યો હતો જેમાં ગત ૩જી એપ્રિલના રોજ એક અજાણ્યા મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાનું મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલા કિશનભાઈ જોખાભાઈ ખરાડીયા (ઉ.વ.૨૧સ રહે.પાંદડી, ગરબાડા) અને સચીનભાઈ નરેશભાઈ ભાભોર (રહે.મોટી ખરજ,તા.દાહોદ) નાઓને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં કિશનભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં જ્યા સારવાર દરમ્યાન ગતરોજ કિશનભાઈનું મોત નીપજ્યું હતું જ્યારે સચીનભાઈને ઈજાઓ થતાં તેઓ હાલ સારવાર હેઠળ હોવાનું જાણવા મળી રહ્યું છે. આ સંબંધે પાંદડી ગામે રહેતા અજીતભાઈ જોખાભાઈ ખરાડીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દાહોદ તાલુકાના કઠલા ગામેથી પસાર થતો નેશનલ હાઈવે ઈન્દૌર-અમદાવાદ ખાતે બનવા પામ્યો હતો જેમાં ગત બીજી એપ્રિલના રોજ એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ત્યાંથી પસાર થઈ રહેલ એક અજાણ્યા વ્યક્તિને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં અજાણ્યા વ્યક્તિને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડાતાં તેનુ મોત નીપજ્યું હતું. આ સંબંધે કઠલા ગામના સરપંચ બચુભાઈ ભાવજીભાઈ ડામોરે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. માર્ગ અકસ્માતનો ત્રીજો બનાવ લીમખેડા તાલુકાના ધુમણી (દુ) ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૨૭મી માર્ચના રોજ એક પેસેન્જર ભરેલ છકડાના ચાલકે પોતાના કબજાનો છકડો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો અને છકડો પલ્ટી ખવડાવી દેતાં રસ્તા પરથી પસાર થઈ મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલા દિલેશભાઈ (રહે. ઝરોલા (દુ), તા,લીમખેડાને અડફેટમાં લીધાં હતાં. છકડાની અંદર બેઠેલ અંદર બેઠેલ પ્રવિણભાઈ, ચતુરભાઈને પણ છકડો પલ્ટી ખાઈ જતાં શરીરે ઈજાઓ પહોંચી હતી જ્યારે મોટરસાઈકલના ચાલક દિલેશભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડાતાં તેઓનું સારવાર દરમ્યાન ગતરોજ મોત નીપજતાં આ સંબંધે ઝરોલા (દુ) ગામે રહેતાં સુભાષભાઈ દલસુખભાઈ ભાભોરે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 188

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા શહેર પોલીસ હેડ ક્વાર્ટરમાં

# ડી.જે.ના તાલે વરઘોડો નિકળ્યો : કોરોનાની ગાઈડ લાઈનના લીલેલીરા





ગોધરા, પંચમહાલ જીલ્લા સહીત ગોધરા શહેરમાં કોરોના લહેરમાં સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે. તેમાં પણ ગોધરા શહેરમાં વધતાં જતાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ચિંતા વધારે તેવી છે. આરોગ્ય તંત્ર સંક્રમણ ઘટે તે માટે લોકોને માસ્કનો ઉપયોગ કરવા તેમજ સોશિયલ ડિસ્ટન્સ માટે અપીલ કરી રહ્યું છે. કોરોના મહામારીના બીજા સ્ટેનમાં કોરોના સંક્રમણના કેસ વધી રહયાં છે. તેવામાં ગોધરા પોલીસ હેડ ક્વાર્ટરમાં કોવિડ-૧૯ના નિયમો નેવે મુકીને ડી.વાય.એસ.પી. ની બદલી થતાં ડીજે ના તાલે ડાન્સ અને ગરબા યોજીને વરઘોડો યોજવામાં આવ્યો હતો. જ્યારે બીજી તરફ પોલીસ તંત્ર સામાન્ય લોકોને માસ્ક પહેરેલ ન હોય તેવા લોકો પાસે દંડ વસુલવામાં મગ્ન થયા છે. સામાન્ય લોકો તેમજ પોલીસ વિભાગ માટે જાણે નિયમો અલગ છે અથવા કોરોના સંક્રમણ માત્ર સામાન્ય લોકોને ઝડટામાં લેતું હોય તેવું દર્શાવવા માગ્તુ હોય તેમ લાગી રહ્યું છે.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેર બીજા સ્ટેનના કોરોના સંક્રમણે જાણે અજગરી ભરડો લીધો હોય તેવી સ્થિતિ નિર્માણ થવા પામી છે. ગોધરા શહેરમાં કોરોના સ્થિતિ વિક્રાડ નિર્માણ થવા પામી છે. ગોધરા શહરમાં કોરોના સંક્રમણના વધતા જતાં કેસોને લઈ આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર ચિંતિત બન્યું છે. જીલ્લામાં બીજા સ્ટેનના કોરોના લહેર ગંભીર રીતે અસર કરી રહી છે. બીજી સ્ટેન ના કોરોના સંક્રમણનો ભોગ બનેલ અનેક દર્દીઓ મોત નિપજાવા પામ્યા છે. જેને લઈ લોકો કોરોનાની મહામારીને ગંભીરતાથી લઈને માસ્ક, સોશિયલ ડીસ્ટન્સની અમલવારી કરે તેવા વહીવટી તંત્રના પ્રયાસ છે અને તેના માટે અવાર-નવાર અપીલ પણ કરવામાં આવી રહી છે. ત્યારે ગોધરા શહેરમાં કોરોના ગાઈડ લાઈનના સામાન્ય લોકો તેમજ અસામાન્ય જેની ઉપર કોરોના ગાઈડ લાઈનની અમલવારી કરવાની જવાબદારી હોય તેવા લોકો દ્વારા કોરોના ગાઈડ લાઈનનો સરેઆમ ભંગ કરવામાં આવ્યો હોય તેવા કિસ્સાઓ ગોધરામાં સામે આવ્યો છે. અને સોશિયલ મિડીયામાં વિડીયો વાયરલ થયો છે.

ગોધરા પોલીસ હેડ ક્વાર્ટર ડી.વાય.એસ.પી. ની બદલી થયેલ હોય તેમની વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો અને ડી.જે.ના તાલે વરઘોડો કાઢવામાં આવ્યો હતો. ડી.જે.ના તાલે લોકો ગરબા અને ડાન્સ કરતાં જોવા મળ્યા હતા ગરબા અને ડાન્સ કરતાં લોકોમાં અનેક લોકો માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સ વગર નાચતા જોવા મળ્યા હતા તે જોતા લાગી રહ્યું હતું કે જાણે સામાન્ય લોકો અને ખાસ લોકો માટે કોવિડ-૧૯ના નિયમોના અલગ-અલગ માપદંડ રાખવામાં આવ્યા છે.

> ગોધરા શહેર પોલીસ હેડ કવાર્ટરમાં ડી.વાય.એસ.પી.ની બદલીમાં વિદાય માટે ડી.જે. ના તાલે ગરબા અને ડાન્સ કરતાં લોકો સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરેલ જોવા મળતું નથી. તેની સામે દર્શક રીતે પોલીસ દેખી રહે છે. ત્યારે બીજી તરફ ગોધરાના એક શિક્ષક સાથે માસ્ક ન પહેરવા માટે પોલીસ દ્વારા બળ પ્યોગ કરવામાં આવ્યો. શિક્ષક દ્વારા પોલીસ વિભાગ હાજર કર્મચારીઓને ચૂંટણી સમયે રાજકીય દબાવમાં કોરોના ગાઈડ લાઈનની અમલવારી કરવામાં ચુક પોલીસ તંત્રએ કરી પરિણામ સ્વરૂપ કોરોનાથી સ્થિતિ કફોડી બની છે. પોલીસ હેડક્વાર્ટસમાં ડી.વાય.એસ.પી. ની વિદાય સમારંભમાં નિકળેલ વરઘોડામાં કોરોના ગાઈડ લાઈનની અમલવારી થતી નથી તેમાં કાર્યવાહી કરવાથી બચતી પોલીસ શિક્ષકને માસ્ક ન પહેરવા માટે દંડવસુલવા માટે બળજબરી કરી પોલીસ વાનમાં ધક્કા મારતો વિડીયો વાયરલ થતાં લોકોમાં પોલીસની બેવડી નિતિ સામે સોશિયલ મીડીયામાં રોષ ઠલવાતો જોવા માળ્યો છે.

ત્યારે બીજી તરફ ગોધરા શહેરમાં પોલીસને આત્જ્ઞાન થયું હોય તેવી કોરોના ગાઈડ લાઈનની અમલવારી કરવામાં માર્ગ પર ઉતરી હતી અને બાઈક ચાલકો ફોર વ્હીલ ચાલકો તેમજ રાહદારીઓને માસ્ક ન પહેરેલ હોય તેવા લોકોને ૧૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં વ્યસ્ત જોવા મળ્યા હતા. શું પોલીસ કોર્મીઓ માટે કોવિડ-૧૯ના નિયમો અલગ હોય છે ?

પંચમહાલ જીલ્લામાં મોરવા(હ) વિધાનસભા બેઠક માટે પેટા ચૂંટણી ૧૭ એપ્રિલના રોજ યોજનાર છે.ત્યારે ચૂંટણી પ્રચાર માટે એકઠા કરવામાં આવતાં લોકો માટે કોરોના ગાઈડ લાઈનની અમલવારી કરાય છે કે નહી તેની ચિંતા ન તો વહીવટી તંત્રને છે. કે માત્ર સામાન્ય લોકોને દંડ કરતા પોલીસ તંત્રને આ વાતનું ધ્યાનમાં આવ્યું છે ખરૂ ? આથી બેવડી નિતિને લઈ લોકોમાં કોરોના ગાઈડ લાઈન ની અમલવારી કરાવતી પોલીસ તંત્ર પર પણ અવિશ્વાસનો ભય ઉભો થયો હોય તેવા દ્રશ્યો વાયરલ થયા છે.

## મોરવા હડફ ખાતે બીજેપીના કાર્યાલયના ઉદ્ઘાટનમાં હાજર રહેલ ગૃહ મંત્રીનો રિપોર્ટ કોરોના પોઝિટિવ

મોરવા હડફ વિધાનસભા પેટા ચૂંટણીની ૧૭ એપ્રિલના રોજ યોજાનાર છે ત્યારે ભાજપ દ્વારા મોરવાહડફ ખાતે બીજેપી કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું રાજયના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા શુક્રવારના રોજ મોરવાહડફ ના બીજેપી ના કાર્યાલયનો ઉદઘાટનમાં હાજરી આપી હતી ત્યારબાદ પ્રદિપસિંહ જાડેજાનો એન્ટીજન રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. મોરવાહડફના કાર્યાલયના ઉદઘાટનમાં બીજેપીના અન્ય કાર્યકર્તાઓ પણ સામેલ થયા હતા હાલ ગૃહમંત્રીનો રિપોર્ટ પોઝિટિવ આવતા શું અન્ય ભાજપના કાર્યકર્તાઓનો રિપોર્ટ કરવામાં આવ્યો છે...? કે પછી મોરવા હડફ વિધાનસભા બેઠક પર ચૂંટણીને લઈને તંત્ર કોરોના ટેસ્ટ કરવામાં નિષ્કાળજી દેખાડી રહી છે મોરવાહડફ ના નગરજનોને પણ કોરોના પોઝિટિવ કરાવવામાં મોરવાહડફ બીજેપીના કાર્યકર્તાઓ સુપર સ્પેડર બની સંક્રમણ વધારશે..?

# કાલોલ તાલુકાના વેજલપુર ખાતે કેબીનો મુકી પ્રગતિ પંથ પર દબાણો ઊભા કરવા પાછળ જવાબદાર કોણ ?



કાલોલ, કાલોલ તાલુકાના વેજલપુર ખાતે ૨૦૧૧ થી ગામનાં જ એક જાગૃત નાગરિક દ્વારા દબાણો દુર કરવા માટે મુખ્ય મંત્રી ના સ્વાગત પર્યાવરણ નિવારણ કાર્યક્રમમાં અનેક લેખિત-મૈખિક રજુઆત કરવા છતાં દબાણો દુર કરવા સામે ની તંત્ર ઘોર નિદ્રા જણાઈ આવે છે. છેલ્લા દસ વર્ષથી વેજલપુરના પ્રગતિ પંથ પર દબાણો યથાવત જોવા મળી રહ્યા છે. વેજલપુર નાં નાગરિક દ્વારા દબાણો દુર કરવામાં તાલુકા સ્વાગત કાર્યક્રમ, જિલ્લા સ્વાગત કાર્યક્રમ તેમજ મુખ્ય મંત્રી ના લોક ફરીયાદ નિવારણ કાર્યક્રમ હેઠળ અનેક વખત લેખિત ફરિયાદ કરવામાં આવવા છતાં દબાણો દુર કરવાંમાં સ્થાનિક તેમજ તાલુકા, જિલ્લા તંત્ર આંખ આડા કાન કરતાં વહીવટી તંત્ર સામે સળગતાં સવાલો ઉપસ્થિતિ થઈ રહ્યાં છે. ઉલ્લેખનીય એ છે કે વેજલપુર થી ગેંગડીયા, એરાલ, તરફ જતાં પ્રગતિ પંથ પર દબાણો અગાઉ દુર કરવામાં આવ્યાં હતાં પરંતુ ફરી દબાણો ઉભા કરીને તંત્રની આંખમાં ધૂળ જાઝખવાની કામગીરી સામે તંત્ર ચુપ કેમ? આવા મુખ્ય માર્ગની આસપાસ પંચાયત, પોલીસ સ્ટેશન, વનવિભાગની કચેરી જેવી સરકારી કચેરીઓ બહાર જ દબાણ નો દબદબો જોવા મળી રહ્યો છે. પરંતુ દબાણો દુર કરવા તંત્ર લાચાર બની ગયું છે. હાલ વેજલપુર મુખ્ય માર્ગ પર નવા લોખંડના કેબિનો મુકવાની કામગીરી ધમ ધમી રહી છે. જાગૃત નાગરિક દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.આવાં દબાણો અને હવે પછી ટ્રાફિક સામે ગ્રામ્ય પંચાયતનાં સરપંચ/તલાટી નો સહયોગ હોવાનું જાણવા મળી રહ્યું છે. શું વહીવટી તંત્ર દ્વારા આવી કામગીરી સામે કાયદેસરની કાર્યવાહી સામે સહકાર આપવા માં આવશે કે મુખ્ય માર્ગની સલામતી અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે દબાણો દુર કરવા ની કામગીરી કરવામાં આવશે કે પછી દિવા તરે અંધારૂ જ છવાયેલું જ રહેશે. તે હવે જોવાનું રહ્યું.

> વેજલપુર જાગૃત નાગરિક દ્વારા આપેલ લેખિત અરજીમાં જણાવ્યું છે કે વેજલપુર પંચાયત, તાલુકા પંચાયત, અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જો દબાણો દુર કરવામાં આવે નહીં તો આત્મ વિલોપન પણ અગાઉ દિવસ સો માં કરવાની લેખિત જાણ કરી છે.

# કાલોલ નગરપાલીકાના રસીકરણ કેન્દ્ર ખાતે નગર જનોએ રસીકરણનો લાભ લીધો



કાલોલ, હાલ દેશભરમાં સરકાર દ્વારા જીલ્લા તેમજ તાલુકાના રસીકરણ કેન્દ્રો પર કોરોના રસી પહોંચતી કરવામાં આવી છે અને લોકોના વેકશીનનુ રસીકરણ કરવામાં આવી રહ્યું છે ત્યારે આજરોજ કાલોલ નગર પાલિકા સભાખંડમાં પાલિકા તંત્ર દ્વારા વેપારી મંડળના વેપારીઓ સહિત કાલોલ શહેરના લોકો માટે રસીકરણ કેન્દ્રો શરૂ કરી વેક્સિનને વધુ વેગવંતી બનાવવા અને લોકો વધુમાં વધુ રસીકરણ કરાવવા માટે વહીવટી તંત્ર સુચનાઓ મુજબ પાલીકા સભાખંડમાં કાલોલ હેલ્થ ઓફિસર મિનેશ દોશી માર્ગદર્શન હેઠળ વેપારીવર્ગ સહિત નગરજનોને કોરોના રસીનો ડોઝ આપવાની ક્વાયત સવારના ૧૧ વાગે હાથ ધરાઈ હતી જેમાં સાંજ સુધીમાં ૧૧૦ જેટલા ડોઝ આપી દેવામાં આવ્યા હતા જ્યારે બાકીના રસીના ડોઝ આપવાની કામગીરી આરોગ્ય વિભાગના કર્મચારી હેતલબેન ચાવડાના હાથે ચાલુ રહેવા પામી હતી અને બીજી બાજુ રસી મુકાવવા આવતા શહેરીજનોને કાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર મહેન્દ્રભાઈ સોલંકી, પંચમહાલ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના ઉપાધ્યક્ષ યોગેશભાઈ પંડ્યા, નગરપાલિકાના પ્રમુખ શૈફાલીબેન ઉપાધ્યાય, નગરપાલિકાના ઉપપ્રમુખ ગટાભાઈ પાલિકાના કારોબારી અધ્યક્ષ યુવરાજસિંહ સહિતના હોદ્દેદારો ખડેપગે તૈનાત રહી સરકાર દ્વારા અપાતી સૂચના અનુસાર અચૂકપણે રસી લેવી જોઈએ અને અન્યોને પણ એ માટે પ્રેરિત કરીને નિઃશંકપણે રસીકરણ માટે આગળ આવવા અને કોરોના સામેની લડાઈમાં સહયોગ કરવા તેઓએ અપીલ કરી હતી.

# શહેરાના સંભાલી ગામે ભત્રીજાએ કાકા અને કાકીની કુલ્હાડીના ઘા ઝીંકી હત્યા કરી



શહેરા, શહેરાના સંભાલી ગામના નાયક ફળિયામાં કળિયુગી ભત્રીજા એ નજીવી લાકડા કાપવા જેવી બાબતે પોતાના સગા કાકા અને કાકીને કુહાડી ના ઘા મારી હત્યા કરી નાખતા ચકચાર મચી ગઈ હતી.પોલીસે હત્યારા ભત્રીજાને પકડી પાડીને ૩૦૨ મુજબ હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

શહેરા તાલુકાના સંભાલી ગામ ના નાયક ફળિયામાં રહેતાં ભત્રીજો જયંતી નાયકને માતા પિતાના હોવાથી વર્ષોથી પોતાના સગા કાકા અર્જન અને કાકી રાધા સાથે રહેતો હતો. ભત્રીજા જયંતીને લાકડા કાપવા જેવી નજીવી બાબતે કાકી રાધા એ ઠપકો આપ્યો હતો. આરોપી જયંતી નાયકને મનમાં લાગી આવતા પોતાને થયેલ અપમાન સમાન ઠપકાનો બદલો લેવાનું નક્કી કર્યું હતું બદલાના ઈરાદો લઈ બેઠલા કળિયુગી ભત્રીજો જયંતી મધ્ય રાત્રે ઘરમાં પ્રવેશ્યો હતો. અને પથારીમાં મીઠી નિંદર માણી રહેલ કાકા અને કાકીના શરીર ઉપર એક પછી એક કુહાડીના ઘા ઝીકીદીધા હતા. ભારદારી કુહાડીના ઘા માથાને ભાગે ઝીકાતા બનેના ઘટના સ્થેળે કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા. હત્યા કર્યા બાદ હત્યારો ભત્રીજો બનાવ સ્થળ ખાતેથી ભાગી ગયો હતો. સવારમાં ઘર પાસે મરણજનારના મોટા ભાઈ જતા તેમને ખાટલામાં લોહી લુહાણ હાલતમાં નાના ભાઈ અર્જન અને ભાભી રાધાની લાશ જોતા તેઓ બૂમાબૂમ કરવા માંડતા આજુબાજુના લોકો દોડી આવિને બનાવ અંગે ની જાણ પોલીસને કરી હતી. પોલીસે પહોંચે તે પહેલાં સ્થાનિકો એ હત્યારા ભત્રીજા જયંતિને ઘર ની પાસેથી પકડી ને દોરડા વડે બાંધી દીધો હતો. પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઈ ધ્રુવરાજ સિંહ ચુડાસમા તેમજ પી.એસ.આઈ. લક્કી પટેલ સહિતનો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી જઈને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. પોલીસે ડબલ મર્ડર મામલે કળિયુગી ભત્રીજા જયંતી પ્રતાપ નાયક સામે ૩૦૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથધરી હતી. પોલીસ દ્વારા હત્યા થયેલ દંપતી ની લાશને પોસ્ટમોર્ટમ માટે સરકારી દવાખાને પી.એમ માટે લઈ જવામાં આવી હતી. બનેલા આ બનાવને લઈને તાલુકા પંથક મા ચકચાર મચી ગઈ હતી.



એપ્રિલ માસ ના પ્રારંભ માંજ ગરમી નો પારો ચાલીસ ડિગ્રી એ પહોંચતા ગ્રામ્ય વિસ્તારોમાં માં પણ બપોરે આગ ઓકતી ગરમી પડી રહી છે અને સીમ માં ચરતા પશુ ધન ના ટોળા પણ બપોરે ભોજન કાર્ય છોડી ઝાડ ના શીતળ છાયડાં નીચે જતા રહે છે.

# ધાનપુરના ગુમ થયેલા ત્રણ ભાઈ-બહેન મોરબીથી મળી આવતા પરિજનો તેમજ પોલિસે રાહતનો દમ લીધો

ધાનપુર, દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ખજૂરી ગામના ગુમ થયેલા ત્રણેય પિતરાઈ ભાઈ-બહેન મોરબીની કન્ટ્રકશન સાઈટ પરથી હેમખેમ મળી આવતા પરિજનો તેમજ પોલિસે રાહતનો દમ લીધો.

ધાનપુર તાલુકાના ખજુરી ગામે બામણીયા ફળિયામાં રહેતા સુનિતાબેન વરસીંગભાઈ બામણીયા (આશરે ઉંમર વર્ષ ૧૩), ઈશ્વરભાઈ સુમલાભાઈ (ઉ.વ.આશરે ૧૭ વર્ષ) અને તેનો નાનો પિતરાઈ ભાઈ બામણીયા વિક્રમભાઈ વરસીંગભાઈ આ ત્રણે ભાઈ બહેન હોળીના દિવસે ગામમાં હોળી જોવા ગયાં હતાં. હોળી જોયા ગયા બાદ પણ ઘણો સમય વિત્યાં બાદ આ ત્રણે બાળકો ઘરે ન આવતાં પરિવારજનો દ્વારા ગામમાં ત્રણેયની ભારે શોધખોળ આદરી હતી પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો ત્યારે આ ત્રણે બાળકો ક્યાંક ગયા હશે ? તેવી ચિંતાઓ સાથે પરિવારજનો પોલીસ મથકે જઈ ત્રણે બાળકોને ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. જે બાદ પોલિસે ટેકિનકલ સોર્સની મદદ વડે મોરબીની એક કન્ટ્રકશન સાઈટ પરથી હેમખેમ મળી આવ્યા હતા. ત્યારબાદ આજે પોલિસે ત્રણેય બાળકોને ધાનપુર ખાતે લાવી માં-બાપની હાજરીમાં કાઉન્સેલિંગ કરી પોતાના ગામથી મોરબીની કન્સ્ટ્રકશન સાઈડ સુધી કેવી રીતે પહોંચ્યા તે અંગેની તપાસમાં જોતરાઈ ગયા હતા.

ધાનપુરના ખજૂરી ગામના ત્રણેય પિતરાઈ ભાઈ-બહેનો હોળી જોવા નજીકના ગામમાં ગયા હતા. જોકે ઘણા સમયથી ઘરે હોય ઘરેથી કંટાળેલા ત્રણે ભાઈ-બહેન વાહન મારફતે મોરબીની એક કન્ટ્રકશન સાઈટ પર પહોંચી ગયા હતા. આ બાજુ ત્રણે બાળકો ગૂમ થતાં પરિવારજનો તેમજ પોલીસની અનેક શંકા-કુશંકાઓની વચ્ચે તરણેતરની ચર્ચાઓએ જોર પકડ્યું હતું.પરંતુ ધાનપુર પોલીસ મથકના પી.એસ.આઈ બી. એમ. પટેલ તેમજ તેમના સ્ટાફે આ બનાવને ગંભીરતાથી લઈ તમામ પાસાઓને ધ્યાને લઈ તલસ્પર્શી તપાસ આદરતા ટેકનિકલ સોર્સની મદદથી આ ત્રણેય ભાઈ બહેનને હેમખેમ પરત લાવવામાં સફળતા સાંપડી હતી. જોકે મળતી માહિતી મુજબ આ ત્રણે ભાઈ-બહેન પોતાના પરિવાર જોડે અગાઉ મોરબી ખાતે મજુરી કામ અર્થે ગયા હતા. જેથી હોળી જોઈ આ ત્રણેય ભાઈ-બહેન વાહન મારફતે મોરબી પહોંચી ગયા હતા.